સુવિચાર
પવિત્ર અને નીતિવાળો પુરૂષ હંમેશા પોતાની જાત ઉપર કાબૂ ધરાવતો હોય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૯/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૮ વર્ષ : ૧૫ અંક : ૨૨૮

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
» હૃદયરોગ - બીપી
» શ્વાસ - દમ - ન્યુમોનિયા
» પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
» પોઈઝન - સર્પદંશ
» ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૯૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૯૨ ૯૩૦૦

## લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં ઈશારે ચૂંટણીપંચ નાચતું હતું

# લોકસભાની ચૂંટણી નિષ્પક્ષ રીતે યોજાઈ ન હતી : રાહુલ

### પ૬ ઈંચની છાતી ઈતિહાસ બની ગઈ અને લોકોમાં ઉભો થયેલ ભય હવે દૂર થયો છે

### ચૂંટણી પહેલા કોંગ્રેસ પક્ષનાં બેન્ક ખાતા પણ બંધ કરી દેવામાં આવ્યાનો આક્ષેપ

### મીડિયા અને તપાસ એજન્સીઓ ઉપર પણ સરકારનો કબ્જો હોવાનું જણાવ્યું

### અમેરિકાની ધરતી ઉપરથી કોંગી નેતા રાહુલ ગાંધીએ અનેક પ્રકારે ભાજપ સરકાર પર કર્યા પ્રહારો

વોશિંગ્ટન, તા. ૧૦



લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસનાં સાંસદ રાહુલ ગાંધીએ લોકસભા ચૂંટણી ૨૦૨૪ની પવિત્રતા પર સવાલો ઉઠાવ્યા છે. ગાંધીએ અમેરિકામાં એક કાર્યક્રમ દરમિયાન કહ્યું હતું કે ''હું આને મુકત ચૂંટણી તરીકે તરીકે જોતો નથી. હું તેને નિયંત્રિત ચૂંટણી તરીકે જોઉં છું.'' તેઓ વોશિંગ્ટન ડીસીમાં જયોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા.

રાહુલે કહ્યું, ''મને નથી લાગતું કે નિષ્પક્ષ ચૂંટણીમાં બીજેપી ૨૪૬ની નજીક હતી. તેને મોટો આર્થિક ફાયદો થયો. તેઓએ અમારા બેંક ખાતા બંધ કરી દીધા હતા... તેઓ જે ઈચ્છે ચૂંટણી પંચ તે કરી રહ્યું હતું. સમગ્ર અભિયાન એવી રીતે તૈયાર કરવામાં આવ્યું હતું કે નરેન્દ્ર મોદી દેશભરમાં તેમનું કામ કરે. જે રાજયોમાં તેઓ નબળા હતા ત્યાં તેઓ મજબૂત હતા તેવા રાજયોથી અલગ રીતે ડિઝાઈન કરવામાં આવ્યા હતા.

રાહુલે કહ્યું ચૂંટણી પહેલા અમે એ વિચારને આગળ ધપાવતા હતા કે સંસ્થાઓ પર કબ્જો જમાવી લેવામાં આવ્યો છે. આરએસએસએ શિક્ષણ પ્રણાલી પર કબઝો કરી લીધો છે. મીડિયા અને તપાસ એજન્સીઓને પકડી લેવામાં આવી છે. અમે આમ કહેતા રહ્યા પણ લોકો તેને સમજી શકયા ન હતા. મેં બંધારણને આગળ ધપાવવાનું શરૂ કર્યુ અને મેં જે કહ્યું હતું તે બધું જ અચાનક ફાટી ગયું. ગરીબ ભારત, દલિત

અનુસંધાન પાના ૬ ઉપર

## ઠેબી જળાશયનાં પાણીમાં ઘુંઘવાતા મોજા



અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશય છલોછલ હોય, સવારનાં સમયે પવનનાં માહોલમાં જળાશયનાં પાણીના મોજા દરિયાનાં મોજા જેવી અનુભૂતિ કરાવતા હોય તેવું દ્રશ્ય કેમેરામાં કેદ થયું છે.

## અમદાવાદમાં રહેતી અને અમરેલીમાં અભ્યાસ કરતી તરૂણીને ન્યાય મળ્યો

# અમદાવાદથી અમરેલી આવી રહેલ બસમાં તરૂણી સાથે બળજબરીથી શરીર સબંધ બાંધનાર આરોપીને ૨૦ વર્ષની કેદની સજાનો હુકમ

### સરકાર પક્ષે એડવોકેટ મમતાબેન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૦

અમદાવાદમાં રહેતી અને અમરેલીમાં અભ્યાસ કરતી એક ૧૬ વર્ષની તરૂણી પોતાની અમરેલી ખાતે આવેલ સ્કુલમાં ઉતરાયણની રજા હોવાથી પોતાનાં ઘરે અમદાવાદ ગયેલ હોય. જે રજા પુરી થતાં ગત તા. ૧૮/૧/૨૩ ના રોજ અમદાવાદથી અમરેલી હિંમત ટ્રાવેલ્સ નામની ખાનગી બસમાં બેસી અમરેલી આવતી હતી. ત્યારે અમદાવાદ રહેતા આરોપી ધ્રુવ રાકેશભાઈ પરમારે ભોગ બનનાર તરૂણીનો પીછો કરી, તેણી અમરેલી આવતી હતી તે બસમાં આરોપી ચડી જઈ તરૂણી જે સોફામાં હતી ત્યાં જઈ, તરૂણી સાથે સોફામાં બેસેલ અન્ય એક મહિલાને બીજા સોફામાં બેસવા મોકલી દઈ, આરોપી આ ભોગ બનનાર તરૂણી સગીરવયની હોવાનું જાણવા તેણીના શરીરે હાથ ફેરવી, શારીરિક અડપલાઓ કરી તથા જાતીય સતામણી કરી, ભોગ બનનાર તરૂણી પાસે શરીર સબંધ બાંધવાની માંગણી કરી હતી. પરંતુ ભોગ બનનાર તરૂણીએ ના પાડવા છતાં



એડવોકેટ મમતાબેન ત્રિવેદી

અનુસંધાન પાના ૬ ઉપર

## ખાંભા–તુલસીશ્યામ રેન્જનાં

# નવા માલકનેશ ગામે ખેડૂતની વાડીનાં ખુલ્લા કૂવામાં દીપડો ખાબકયો

### વન વિભાગે રેસ્કયુ કરી બહાર કાઢયો



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૦

નવા માલકનેશ ગામના ખેડૂત મેપાભાઈ ઝીણાભાઈ સોલંકીની વાડીના ખુલ્લા કૂવામાં દીપડો ખાબકયો હતો. ત્યારે ખેડૂત ધ્વારા વન વિભાગને જાણ કરતા તુલસીશ્યામ રેન્જનાં આરએફઓ રાજલબેન પાઠકની સુચનાથી વન વિભાગ સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો અને દીપડાનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું. અને વન વિભાગ ધ્વારા ખુલ્લા કૂવામાં પાંજરૂ ઉતારી દીપડાનો રેસ્કયુ કરવામાં આવ્યું હતું અને એકથી બે વર્ષના દીપડાને વન વિભાગે રેસ્કયુ કરી બચાવી લીધો હતો અને દીપડાને ઓબ્ઝર્વેશન અર્થે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો.

## વિદ્યાર્થીઓની શિક્ષણ ફી સંસ્થામાં જમા કરાવવાને બદલે

# ચિતલનાં સ્વામીનારાયણ ગુરૂકુળ સંસ્થાનાં કલાર્કે રૂપિયા ૭.૪૪ લાખ રૂપિયા ઘરભેગા કર્યા

### મોણપુર ગામનાં ઈસમ સામે સંસ્થાનાં સંચાલકે ફરિયાદ નોંધાવી

અમરેલી, તા. ૧૦

અમરેલી તાલુકાના મોણપુર ગામે રહેતા આરોપી જયદિપભાઈ પ્રવિણભાઈ વસોયાએ શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ ચિતલ નામની સંસ્થામાં પોતે કલાર્ક તરીકેની નોકરી દરમ્યાન તા. ૨૮/૮/૨૪ના કોઈપણ સમય પહેલા સંસ્થાની ફીની રસીદબુકમાં પાવતી નં. ૧ થી ૧૩૮ ના હિસાબ પેટે આવેલ રકમમાંથી રૂપિયા ૧,૮૦,૩૫૦ તેમજ સંસ્થાના વાહન ભાડાની રસીદમાં પાવતી નં. ૧ થી ૩૯ના હિસાબ પેટે આવેલ રકમમાંથી રૂપિયા ૧,૫૧,૧૫૦ તેમજ વિદ્યાર્થીઓની ફીના રૂપિયા લઈ પાવતીઓ આપેલ ન હોય અને તે રકમ જમા કરાવેલ ન હોય તેવી કુલ રકમ રૂપિયા ૧,૬૬,૯૫૦ ની તેમજ અગાઉના વર્ષની વિદ્યાર્થીઓના ફીની પાવતી ચાલુ વર્ષમાં ઉપયોગ કરી વિદ્યાર્થીઓ પાસેથી ફી પેટે રૂપિયા લીધેલ કુલ રકમ રૂા. ૧,૯૬,૫૦૦ તેમજ સંસ્થાના બાળકોને વધારાના અભ્યાસ અર્થે તેમજ સ્ટેશનરી માટે લીધેલ ફી આશરે રૂપિયા ૫૦,૦૦૦ મળી કુલ રકમ રૂપિયા ૭,૪૪,૯૫૦ની સંસ્થામાં જમા નહિ કરાવી પોતે સંસ્થાના પોતાના કલાર્ક હોવાની હેસીયતથી નોકરી કરતા હોય અને ઉપરોકત નાણાકીય વ્યવહાર કરવાનુ અધિકાર સોંપાયેલ હોય તે ફરજની સત્તાનો દુરૂપયોગ કરી વિસઘાત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

# વીજપડીમાં જુગાર રમતાં ૮ પત્તાપ્રેમીઓની અટકાયત

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રહેતા છગનભાઈ મંગાભાઈ પુરબીયા, સંજયભાઈ માધાભાઈ પરમાર, કનુભાઈ ડાયાભાઈ પુરબીયા, ભીખાભાઈ મંગાભાઈ પુરબીયા, મહેશભાઈ સોમાભાઈ પુરબીયા તથા અલ્પેશભાઈ કીશનભાઈ મહીડા (રહે. મહુવા), વીનુભાઈ જેન્તીભાઈ ચૌહાણ (રહે. ધારગણી, તા. ધારી), ગોપાલભાઈ મનુભાઈ ચૌહાણ (રહે. ડુંગર) વિગેરે આઠેય ઈસમો તા. ૯ના રાત્રીના ૮:૧૦ વાગ્યે વીજપડી ગામે ચીખલી રોડ, વી.ડી. નગદીયા હાઈસ્કુલની પાછળ શેરીમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રમતા રોકડા રૂપિયા ૧૦,૯૮૦ના મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરી હતી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,950/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## કર્મચારીઓને કોઈ પુછવાળુ ન હોય તેવો માહોલ

# અમરેલીની સરકારી કચેરીઓની ધારાસભ્ય અને સાંસદે આકસ્મિક મુલાકાત લેવી જરૂરી

### અરજદારો ધકકા ખાઈ, અપમાનીત થઈ રહ્યા છે

અમરેલી, તા. ૧૦

અમરેલી ખાતે તાલુકાથી લઈને જિલ્લા કક્ષાની સેંકડો કચેરીઓ કાર્યરત છે જેમાં અમુક કચેરીને બાદ કરતા બાકીની તમામ કચેરીઓમાં અનિયમીતતા રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ ન કરવો, નાણા લઈને કામ કરવુ જેવી સમસ્યાની ફરિયાદ ઉભી થઈ રહી છે.

અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે વેશપલ્ટો કરીને આકસ્મિક સરકારી કચેરીની મુલાકાત લેવી જોઈએ અને જનતાને શું તકલીફ પડી રહી છે અને સરકારી કર્મચારીઓનાં વાણી–વર્તનનો તાગ મેળવવો જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

## હરિયાણામાં ૯૦ બેઠકમાંથી ૬૭ ઉમેદવારોનાં નામ જાહેર થયા તેમાં ૪૦ આયાતી ઉમેદવાર

# ભાજપમાં ''ઘરનાં છોકરા ઘંટી ચાટે અને પડોશીને આંટો'' જેવો માહોલ

**અગાઉ જનસંઘ અને બાદમાં ભાજપ સાથે દાયકાઓથી જોડાયેલ પરિવારને મહત્વ મળતું નથી**

**ભાજપને બીજમાંથી વટવૃક્ષ બનાવનાર અનેક કાર્યકર્તાઓને સત્તાનો લાભ મળતો નથી**

**શિસ્ત અને ડરનાં લીધે ભાજપનાં કાર્યકર્તાઓ મૂંગા મોઢે અન્યાય સહન કર્યા કરે**

**અમરેલી જિલ્લામાં પાંચ ધારાસભ્યોમાંથી બે ધારાસભ્યોનું મુળ કોંગ્રેસ પક્ષ છે તે સૌ જાણે છે**

અમરેલી, તા. ૧૦

ભારત દેશમાં શાસન ચલાવનારા અને વિશ્વમાં સૌથી મોટા રાજકીય પક્ષ ગણાતા ભાજપનાં લાખો કાર્યકર્તાઓ અને હજારો આગેવાનોની હાલત અતિ દયનીય જોવા મળી રહી છે. કારણ કે પંચાયતથી લઈને ભાજપનું શાસન અને સત્તાનો સ્વાદ અન્ય પક્ષોમાંથી આવેલ આગેવાનો માણી રહ્યા છે અને ભાજપનાં પાયાનાં પથ્થર સમાન કાર્યકર્તાઓ લાચારીની અવસ્થામાં મૂંગા મોઢે તમાશો જોયા કરે છે.

ભાજપનાં જૂના નામ જનસંઘનાં વખતથી એટલે કે ૭૦ વર્ષથી ભારપની વિચારધારા સાથે જોડાયેલ વ્યકિતની ત્રીજી અને ચોથી પેઢી આજે પણ ભાજપ સાથે જોડાયેલી છે અને આવા લાખો પરિવારો છે અને હવે ભાજપનો જય જયકાર થઈ રહ્યો છે. તેવા સમયે ભાજપનાં મુળ પરિવાર કરતાં અન્ય વિચારધારા સાથે જોડાયેલ વ્યકિતઓ ભાજપમાં આવીને સત્તાનો સ્વાદ માણી રહ્યાં છે.

તાજેતરમાં હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકોમાંથી ૬૭ બેઠકોનાં ઉમેદવારોનાં નામ જાહેર થયા તેમાં ૪૦ જેટલા ઉમેદવારો કોંગ્રેસ કે જેજેપી જેવા અન્ય પક્ષ સાથે જોડાયેલ રહેલ વ્યકિતઓને ઉમેદવાર બનાવાયા અને બાકી રહેતી ૨૩ બેઠકોમાંથી પણ ૧૨ થી ૧૫ જેટલા ઉમેદવારો અન્ય પક્ષમાંથી આવેલ હશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે અને આ બાબતથી હરિયાણાનાં ભાજપીઓ સમસમી ગયા હોય તેવું જોવા મળે છે.

અમરેલી જિલ્લામાં પાંચ ધારાસભ્યોમાંથી બે ધારાસભ્યો કોંગ્રેસમાંથી આવેલ છે. તો સ્થાનિક સ્વરાજયની સંસ્થા કે પક્ષનાં મહત્વનાં હોદા ઉપર પણ કોંગ્રેસી વ્યકિતઓ જોવા મળી રહ્યાં છે. તો ગુજરાતમાં પણ અનેક ધારાસભ્યો, સાંસદ કે મંત્રીઓ પણ કોંગ્રેસ કે અન્ય પક્ષમાંથી આવેલ જોવા મળે છે.

સમગ્ર દેશમાં ભાજપે ભરતી મેળો કરીને લગભગ તમામ પક્ષોમાંથી આવેલ આગેવાનને મહત્વ આપેલ હોય ભાજપનાં વર્ષો જુના કાર્યકરો અને આગેવાનોની હેસિયત હોર્ડિંગ, બેનર કે ખુરશી પાથરવા જેટલી રહી ગઈ હોય તેવું જોવા મળી રહ્યું છે.

---

### જાફરાબાદનાં સાગર ખેડૂઓને કરોડો રૂપિયાનું નુકસાન

## દરિયો ખેડવા નીકળેલ સાગર ખેડૂતો કુદરતી આફત સામે લાચાર બન્યા

**સરકાર તરફથી કોઈ મદદ મળતી ન હોય તેવો પણ આક્ષેપ**





જાફરાબાદ, તા. ૧૦

જાફરાબાદ બંદરએ ગુજરાત રાજયનું સૌથી મોટું બોમ્બે ડગ એટલે (બુમ્બ્લા)નું ઉત્પાદન કરતું બંદર છે. આ બંદરથી બોંબિલ એટલે (બુમ્બ્લા) ટ્રકો ભરીને મહારાષ્ટ્ર શ્રી લંકા હૈદરાબાદ ચીન મધ્યપ્રદેશ અનેક દેશ–વિદેશમાં આ બોમ્બે ડગ (બુમ્બ્લા) નામની મચ્છીનુ નિકાસ કરવામાં આવે છે. અને આ જાફરાબાદ બંદર થી દર અઠવાડિયે મુંબઈ મરોલ માર્કેટ માં ટ્રકો ભરીને મોકલવામાં પણ આવે છે. મોટા માં મોટું બોમ્બે ડગ મચ્છીનુ ઉત્પાદન કરતું બંદર હાલમાં વરસાદના લીધે બોમ્બે ડગ (બુમ્બ્લા) પલળી જતા કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ નુકશાન બાબતે સાગરખેડૂઓ દ્વારા વડાપ્રધાનથી લઈ મુખ્યમંત્રી સુધી રૂબરૂ જઈ મૌખિક રજૂઆતો તથા તમાંમ બંદરો દ્વારા હાલમાં લેખિત રજૂઆત તથા પણ સરકાર કોઈ જાતની નુકસાનીની કોઈ સહાય આજદિન સુધી સુકાવવામાં આવી નથી જેમાં ધરતી ખેડૂતોને સહાય સરકાર પુરી પાડવામાં આવે છે. તેવીજ રીતે સાગરખેડૂઓને પણ આવી વરસાદના લીધે નુકસાનીની સર્વે કરી સહાય સુકાવવા માં આવે તેવી રજૂઆત છતાં પણ સરકાર શ્રી ધ્યાન ઉપર લઈ રહ્યું નથી સાગરખેડૂઓને વરસાદના કારણે કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડયું છે. સુકવેલી મચ્છી વરસાદના કારણે પલળી જતા સાગરખેડૂઓ પાયમાલ ભાજપ સરકાર ને ખોબલે ખોબલે મત આપી તેમની સાથે ખભેખભા મિલાવી ચલતા સાગરખેડૂઓને આવી મુસ્કેલીમાં સરકાર તરફથી કોઈ પણ સહાય સુકાવવા આવતી નથી પ્રથમ સિઝનની શરૂઆતમાં જ પાયમાલ લાખો રૂપિયા ખર્ચીને બોટ મધદરિયે મોકલાવવામાં આવે છે. જથ્થા બંધ બુમ્બ્લા (બોમ્બે ડગ) (બોંબિલ) નામની મચ્છી બોટ દ્વારા લાવવામાં આવે છે. દરિયાકાંઠે બોટ દ્વારા આ બુબ્લા નામની મચ્છી સુકાવા માટે મજુરોને મંજુરી ચુકવીને સુકાવવા માં આવે છે. પરંતુ વરસાદ ના લીધે કરોડો રૂપિયાનુ નુકસાન વેઠવું પડયું છે. અનેકવાર માછીમારોની રજૂઆતો પરંતુ સરકાર સહાય આપવાને બદલે મઝાક કરવામાં આવતી હોય તેવું સાગરખેડૂઓમા અહેસાસ થય રહ્યોં છે. પ્રથમ સિઝનની શરૂઆત માટે બોટ માલિકો પોતાના ઘરના તમામ સભ્યોના ઘણેણા મુકીને તથા મકાનો ઉપર લોન લઈ બોટ ચાલુ કરવામાં આવે છે. પરંતુ સિઝનની પ્રથમ શરૂઆતમાં જ વ્યાજના ચક્રમાં ફસાઈ જઈ રહ્યા છે. વ્યાજના ચક્રમાં ડુબતા સાગરખેડૂઓને આશાનું કિરણ સરકાર દ્વારા સર્વેકરી સહાય સુકાવવામાં આવે તેવી આશા ભાજપ સરકાર ઉપર રાખી રહ્યા છે. જાફરાબાદ છેલ્લા ત્રણ ચાર દિવસથી જાફરાબાદ શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં વરસાદ હોવાના કારણે સાગરખેડૂ ભાઈઓને કરોડો રૂપિયાનું નુકસાન હંમેશા વરસાદના કારણે માછીમાર ભાઈઓ પોતાની બોટ લઈને બોમ્બે ડગ એટલે (બોંબિલ) (બુમ્બ્લા) નામની મચ્છી લાવે છે પરંતુ વરસાદના કારણે ફેંકવામાં આવે છે બોટના માલિકોને તમામ જાતની માછલીઓ ફેંકવામાં આવે છે. જેના કારણે સાગરખેડૂ ભાઈઓને પોતાનો બોટનો ખર્ચો કાઢવા પણ મુશ્કેલી થાય છે આના કારણે ઘણા વર્ષથી આવી નુકસાની ભોગવી રહ્યા છે. આ બાબતે વારંવાર સરકારને રજૂઆત કરવા છતાં પણ સરકાર સાગરખેડુ ઉપર ધ્યાન કેમ આપતુ નથી ખેતી ખેડૂતભાઈઓને આવી હોનારતમાં વળતર આપી શકતી હોય તો સાગર ખેડુને કેમ નહીં કરોડો રૂપિયાનુ વિદેશી હુંડીયામણ કમાણી આપતા સાગરખેડૂઓને આવી વરસાદી હોનારતમાં સહાય સુકાવવામાં સરકાર સાગરખેડૂ સાથે હળહળતો અન્યાય કેમ એક બોટ લોકોને રોજગારી પૂરી પડતી હોય અનેક બોટ બે રોજગારને મોટી રોજગારી પૂરી પડતી હોય છે. પરંતુ જે બોટ આવી મુસીબતોમાં બંધ થઈ જાય તો બેરોજગારોની રોજગારી છીનવાઈ રહી છે. તેનું કારણ આવી વરસાદી આફતમાં સરકાર તરફથી કોઈ પણ જાતની સહાયતાના સુકાવવા ના કારણે બોટ માલિકો પાયમાલ થઈ રહ્યાં છે. સરકાર મત્સ્યોદ્યોગ ખરેખર જીવિત રાખવાનો હોય તો સાગરખેડૂઓને ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે સહાય સુકાવવામાં આવે તો આ ઉધોગ જીવીત રહે છે. નહીંતર લાખો લોકોની રોજગારી પૂરી પડતો મત્સ્યોદ્યોગ બંધ થાવાની અરે હોય તેવું લાગી રહ્યું છે. કારણ કે લાખો રૂપિયા વ્યાજે લઈ બોટ ચાલુ કરવામાં આવે પરંતુ સિઝનની પ્રથમ શરૂઆતમાં જ કરોડો રૂપિયાની મચ્છી પલળી જતા સાગરખેડૂઓ પાયમાલ બની રહ્યા છે.

---

### એકપણ પદાધિકારી એસ.ટી.નાં અધિકારીઓની પરેડ લેતા નથી

## લ્યો બોલો : બગસરાનાં એસ.ટી. ડેપો દ્વારા નવા રૂટ શરૂ કરવાને બદલે જુના રૂટ પણ ધડાધડ બંધ કરી દેવાતા રોષ

**છેલ્લા ૪ દિવસમાં અનેક રૂટ બંધ થતાં મુસાફરો ખાનગી વાહનમાં મુસાફરી કરવા મજબુર**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

આજકાલ બગસરા ડેપો વધુ પડતો ચર્ચામાં આવી ગયો છે ત્યારે હાલમાં છેલ્લા ચાર દિવસથી અનેક બસો બંધ કરવામાં આવતા મુસાફરો રજળી પડયા હતા. જયારે જાણવા મળતી માહિતી મુજબ બગસરા ડેપો દ્વારા છેલ્લા ચાર દિવસથી લગભગ ૯ થી ૧૦ બસો બંધ કરવામાં આવી છે. જયારે અહીંયાથી ઉપડતી સુપર લોકલ બસ બગસરા થી રાજકોટ જતી વહેલી સવારની તેમજ બપોરની અને બગસરા વીંછિયા અને બગસરા થી અમરેલી જુનાગઢ તેમજ ખાંભા ધોરાજી તેમજ બગસરા રાજકોટ વાયા જેતપુર અને બગસરા મહુવા જેવી અનેક બસો બંધ કરવામાં આવતા મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે.

જયારે મુસાફરો હવે પૂછપરછ બારીમાં આ બસ કયારે જશે ના બદલે કઈ બસ ચાલુ છે તેવું પૂછવા મજબૂર બન્યા છે. જયારે મળતી માહિતી અનુસાર અહીંના ડેપોના અધિકારી દ્વારા ડ્રાઈવરોને ઋષી પાંચમ નિમિતે ઘણાને રજા મંજુર કરી હોવાથી આ તમામ રૂટો બંધ કરી દેવામાં આવ્યા હતા. જેના હિસાબે મુસાફરોને ખાનગી વાહનનો સહારો લેવો મજબૂર બન્યા હતા. જયારે આવા સંજોગોમાં એસ.ટી. ડેપોને અધિકારીની બેદરકારીના લીધે ઋષી પાંચમ ફળી હતી. જેમાં શહેરની જનતા ત્રાહિમામ પોકારી ગઈ હતી. અને વહેલામાં વહેલી તકે આ તમામ બસો ચાલુ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

---

## દામનગરમાં ખાડાઓ ભરાઈ રહેતા મચ્છરોનાં ઉપદ્રવને ડામી દો



દામનગર, તા. ૧૦

દામનગર શહેરમાં ખાડાઓમાં ભરાઈ રહેતા પાણીમાં મસ્છરોનાં ઉપદ્રવને ડામી દેવા જરૂરી ! દામનગર શહેરમાં અનેક વિસ્તારોમાં પાણીના યોગ્ય નિકાલના અભાવે મસ્છરોનો ઉપદ્રવ વધતો જોવા મળે છે. છેલ્લા ઘણા દિવસોથી ગામમાં મસ્છારો વધી જવાથી લોકો બીમાર થઈ શકે.. મસ્છરજન્ય રોગચાળો ફેલાય તે પહેલાં ડી. ડી. ટી.નો છંટકાવ કરવો જરૂરી જણાય છે, અને ભરાઈ રહેતા પાણીનો નિકાલ કરવો જરૂરી હોય, યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

---

## અમરેલી સાંગાડેરી એપ્રોચ રોડ રૂા. ૭૫ લાખના ખર્ચે રિસરફેસ કરાશે

અમરેલી, તા. ૧૦

અમરેલી યુવાન અને કર્મઠ ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરિયાએ પોતાના મતવિસ્તારના રસ્તાઓના કામો તાત્કાલિક ધોરણે મંજૂર થાય અને વરસાદથી નુકસાન પામેલા રોડના રિકાર્પેટ કરવાના કામ જલ્દી હાથ ધરાય એ માટે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને ભારપૂર્વક રજૂઆત કરેલ. જે અન્વયે સરકારના માર્ગ અને મકાન વિભાગના પંચાયત હસ્તકના સાંગાડેરી એપ્રોચ રોડ ૨.૫૦ કિલોમીટર રસ્તાના રિસરફેસના કામ માટે રૂપિયા ૭૫ લાખની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જીલ્લાના ગામોને જોડતા રસ્તાનું રિકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

રસ્તાના નવીનીકરણનું આ કામ સંપન્ન થતા, આ વિસ્તારની પ્રજાને પડતી મુશ્કેલીમાંથી મુકિત મળશે એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

---

## રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગણપતિ ઉત્સવની ઉજવણી



રાજુલા, તા. ૧૦

રાજુલા શહેરમાં સૌપ્રથમવાર પોલીસ સ્ટેશન પાસે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સૌ પ્રથમ વાર ગણપતિ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.

સૌ પ્રથમવાર રાજુલા શહેરમાં આવું આયોજન કરવામાં આવતા રાજુલા શહેરની ધર્મ પ્રિય જનતા દર્શન કરવા ઉમટી પડેલ અહીંયા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ત્યારે દરરોજ સાંજના આરતી સાથે હનુમાન ચાલીસાનું આયોજન કરવામાં આવેલ તેમજ સાથે સાથે નામી અનામી કલાકારોએ હાજરી આપી અને સંતવાણી યોજવામાં આવેલ સમગ્ર કાર્યક્રમમાં રાજુલા શહેરના વિવિધ અગ્રણીઓ વેપારીઓ કે ચેમ્બર ઓફ કોમર્સના આગેવાનો બ્રહ્મ સમાજના આગેવાનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના તમામ હોદેદારો સાથે સાથે નિવૃત ડી.વાય.એસ.પી. હરેશ વોરા તેમજ તેમજ રાજુલા શહેરમાં નિમાયેલા આપના શહેર પ્રમુખ કિરીટ પંડયા તેમજ ભારતીય જનતા પક્ષના હોદેદારો તેમજ વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાંથી પધારેલા સરપંચો સહિતના લોકોએ હાજરી આપી અને આરતી સાથે હનુમાન ચાલીસા તેમજ સંતવાણીનો લાભ લીધેલો તા. ૧૫.૯.૨૪નાં રોજ રાજુલા લુહાર સુથાર વાડી ખાતે બપોરનાં ૪.૩૦ કલાકે વિરાટ હિન્દુ મહાસંમેલનનું આયોજન કરવામાં આવેલ છે તેવું વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખની યાદીમાં જણાવવામાં આવેલ છે.

---

# અમરેલીનાં પ્રમુખ સ્વામી અને માધવનગરમાં ગણેશોત્સવની ઉજવણી



અમરેલીનાં વરસડા માર્ગ ઉપર આવેલ પ્રમુખ સ્વામીનગર તેમજ માધવનગર સોસાયટીમાં શ્રી રામ યુવક મંડળ દ્વારા ગણેશોત્સવનું સુંદર આયોજન કરવામાં આવેલ છે અને દરરોજ સાંજે મહાઆરતી અને સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો લાભ સૌ કોઈ આસ્થાભેર લઈ રહયા હોવાનું વિશાલ સોનીની યાદીમાં જણાવેલ છે.

## બગસરાની મામલતદાર કચેરીમાં એક કલાકની રિશેષ દરમિયાન

# લ્યો બોલો : કર્મચારીઓની ગેરહાજરીમાં પણ લાઈટ, પંખા શરૂ



એક તરફ સરકાર ''વીજળી બચાવો'' સુત્ર આપે અને બીજી તરફ સરકારી કચેરીમાં જ વીજળીનો દુરૂપયોગ


બપોરનાં સમયે કર્મચારીઓ એક કલાક માટે ભોજન માટે રવાના થાય પણ કોઈ લાઈટ બંધ કરતું નથી

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી વીજળી ઉપકરણો ચાલતાં હોવાથી કોઈને પણ ચિંતા નથી

જિલ્લા કલેકટર દ્વારા મામલતદાર કચેરીની બેદરકારી બદલ તટસ્થ તપાસ થવી જરૂરી બની છે





તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૦

બગસરા મામલદાર ઓફીસમાં બપોરના સમય દરમિયાન રિષેશ સમયમાં પણ લાઈટો પંખા અને એસી ચાલુ રાખવામાં આવે છે. જયારે આ ઓફિસના અધિકારીઓ પોતાના સત્તાના જોરે જાણે કોઈ તેમને પૂછવાવાળું જ ના હોય તેવી રીતે બપોરના બે વાગે રિષેશ પાડવામાં આવે છે જે ફરી એક કલાક બાદ અધિકારીઓ ઓફિસે પરત ફરતા હોય છે. તે દરમિયાન એક કલાક લાઈટો, પંખા તેમજ એસી પણ ચાલુ રાખીને જ તમામ અધિકારીઓ બ્રેકમાં જતા રહે છે. ત્યારે એક તરફ સરકાર દ્વારા સોલાર પેનલો લગાવો અને વીજળી બચાવો અને લોકોને પ્રદૂષણ મુકત રાખવાની મસમોટી વાતો કરે છે. ત્યારે અહીંના અધિકારીઓ તો જાણે પોતાની મનમાની કરી સરકારના આવા વીજળી બચાવવાના હેતુનો ઉલાળીયો કરી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જયારે આવી રીતે બેફામ વીજળીનો ઉપયોગ કરવાથી જનતાના પરસેવાના રૂપિયાનું આંધણ કરી રહ્યા છે. તો આવા અધિકારીઓને જાણે કોઈ કહેવાવાળું જ ના હોય તેમ લાગી રહ્યું છે. તો સરકારે આવા તમામ અધિકારીઓ જે પોતાનો વગ નો ઉપયોગ કરી લોકોને દબાવી દેતા હોય અને બેફામ વીજળી વાપરતા હોય તેમની ઉપર કડક કાર્યવાહી કરે આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

### ચાડિયા સામાજીક ન્યાય સમિતિના દીપાલીબેન મકવાણાની રજુઆત ફળી

## જ્ઞાન સહાયકોને પણ અન્ય કરાર આધારીત કર્મચારીઓની જેમ માતૃત્વ સહિતની રજાઓનો લાભ

### શિક્ષણ વિભાગનો આભાર માનવામાં આવ્યો

અમરેલી, તા. ૧૦

ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં હાલ ૧૧ માસના કરાર આધારીત જ્ઞાન સહાયત તરીકે શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે. આ જ્ઞાન સહાયકોને માત્ર સી.એલ.રજા જ આપવામાં આવે છે પરંતુ સમગ્ર શિક્ષા અભિયનમાં કામ કરતા અન્ય કરાર આધારિત કર્મચારીઓને રજા માટેના અન્ય લાભો પણ આપવામાં આવે છે.



જ્ઞાન સહાયકોને પણ અન્ય કરાર આધારીત કર્મચારીઓની જેમ જ અન્ય રજાઓના લાભ મળી રહે તે માટે ચાડીયા ગ્રામ પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન દીપાલીબેન મકવાણા દ્વારા આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકને પત્ર લખી પ્રાથમિક શાળાના જ્ઞાન સહાયકોને પણ સામાન્ય વહીવટી વિભાગના તા. ૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવ મુજબ રજાની જોગવાઈ કરવા માટે રજુઆત કરવામાં આવી હતી.

ત્યારે તા. ૩/૯/૨૪ના રોજ સેકશન અધિકારી શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શિક્ષણ નિયામકને પત્ર લખી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કરાર આધારિત ફરજ બજાવતા જ્ઞાન સહાયકોને પણ સમાન્ય વહીવટ વિભાગના તા. ૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦/૨૦૧૭/ ૫૭૬૯ ૮૮/ખ.ઉ. ની જોગવાઈ ક્રમાંક : ૨ મુજબ રજા મળવા પાત્ર થાય છે તે અંગે કાર્યવાહી કરવા જાણ કરેલ છે.

સામાજીક ન્યાય સમિતિના ચેરમેનની રજુઆતથી હવે સમગ્ર શિક્ષા અભિયાનના અન્ય કર્મચારીઓની મળતી રજાઓનું મુજબ સરકારી શાળામાં ફરજ બજાવતા જ્ઞાન સહાયકોને પણ પરચુરણ રજા ઉપરાંત આકસ્મિક સંજોગો માટે વાર્ષિકો ૧૧ રજાઓ તથા મહિલા કર્મચારીઓને ૧ વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહતમ ૯૦ દિવસની માતુત્વ રજાઓ મળવાપાત્ર થશે. ચેરમેન દીપાલીબેન મકવાણાની રજુઆત અને શિક્ષણ વિભાગના આ પત્રથી પ્રાથમિક શાળામાં કામ કરતા ગુજરાતના અનેક જ્ઞાન સહાયકોને બહોળો ફાયો થશે, અને માતૃત્વ માટેની રજાઓના કારણે અનેક બહેનોને માતૃત્વની રજા માટેની મુશ્કેલી દુર થશે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### યુવાનેતા મનિષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

## અમરેલી જિલ્લાનાં ૪૦ મંત્રી અને મેનેજરની લીડરશીપ ડેવલપમેન્ટ કાર્યક્રમનો પ્રારંભ

### દિલ્હીમાં એન.સી.યુ.આઈ. ખાતે આયોજન




અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લાની સહકારી મંડળીઓનાં ૪૦ મંત્રી, મેનેજર અને સદસ્યોને ન્યુ દિલ્હી એન.સી.યુ.આઈ. ખાતે પ્રશિક્ષણ હેતુ મોકલવામાં આવ્યા છે. જેનો યુવા નેતા મનીષ સંઘાણી અને એન.સી.સી. આઈ.નાં ડેપ્યુટી ડાયરકટર સાવિત્રી સિંહજીની ઉપસ્થિતિમાં શુભારંભ કરવામાં આવ્યો હતો. જયારે આ તાલીમ દરમિયાન અમરેલી જિલ્લાની સહકારી સદસ્યો અને મંત્રી, મેનેજર સહકારીતાનાં વિવિધ વિષયો પર વિષય નિષ્ણાંતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવશે જેનાથી અમરેલી જિલ્લાની સહકારી ગતિવિધિને આગળ વધારવા વેગ મળશે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦















### પ્રતિમા રાખવા માટે કાચની પેટીમાં AC મુકાયુ

# સુરતમાં ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી ગણપતિની પ્રતિમા બનાવી

## યુનિક કોન્સેપ્ટથી બનાવાયેલ પ્રતિમા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની

સુરત,તા.૧૦

ભારતીય તહેવારોમાં અનેક વિવિધતા જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં શિવરાત્રી દરમિયાન સુરત સહિત ભારતના હજારો મંદિરમાં શંકર ભગવાનને ઘીના કમળ ચઢાવવામાં આવતા હોય છે. જેના કારણે ભક્તોએ ઘીમાંથી બનેલા શંકર ભગવાનની પ્રકૃતિ જોઈ છે પરંતુ પહેલીવાર સુરતમાં ગણેશોત્સવમાં ઘીના ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવી છે.

સુરતના કોટ વિસ્તારમાં એક ગણેશ આયોજકે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી પ્રતિમા બનાવડાવી છે તેને કાચની પેટીમાં મુકવામાં આવી છે.

સુરત શહેરમાં ગણેશોત્સવની દબદબાભેર શરૂઆત થઈ છે અને શહેરમાં હજારોની સંખ્યામાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. સુરત શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરીસ, માટી સહિત અનેક વસ્તુઓમાંથી ગણેશજીની પ્રતિમાનું નિર્માણ કરી તેની પૂજા કરવામાં આવી રહી છે.

પરંતુ શહેરના કોટ વિસ્તારમાં આવેલા મંછરપુરા કોલસાવાડમાંમમાં ગણેશ મંડપમાં ગણેશજીની પ્રતિમા માટે એક અનોખો પ્રયોગ કર્યો છે. આ મંછરપુરા યુવક મંડળ દ્વારા આ વર્ષે ઘીમાંથી ગણપતિજીની પ્રતિમાનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો હતો.

ગ્રુપના સભ્યોએ વિચાર મૂક્યો ત્યારે ઘીમાંથી શ્રીજીની પ્રતિમા કઈ રીતે બનાવવી અને દસ દિવસની જાળવણી કઈ રીતે કરવી તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ગણેશજીની પ્રતિમાનું મોલ્ડ શોધવામાં આવ્યો હતો.

આ મંડળે આ પ્રતિમા બનાવવા માટે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કર્યો હતો. ઘણા દિવસોની મહેનત બાદ કલાકારોએ ઘીની ગણેશજીની પ્રતિમા બનાવી છે તેની સાથે રામલલ્લાની પ્રતિમા પણ બનાવી છે.

ગણેશ ચતુર્થીના દિવસ પહેલાં ઘીની પ્રતિમા પર કલર કામ કરીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ દસ દિવસ માટે બાપ્પાની પ્રતમા પહેલા દિવસે છે તેવી જ રાખવા માટે કાચની પેટી બનાવવામા આવી છે.

આ કાચના બોક્સમાં એસી ચલાવવામાં આવી રહ્યું છે. ત્રણ ટનનું એસી ૨૪ કલાક ચલાવવામાં આવે છે તેના કારણે ઘીની પ્રતિમા ઓગળતી નથી. આ એક યુનિક કોન્સેપ્ટ છે તેથી લોકો માટે આ પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર બની રહી છે.

હવે આનંદ ચૌદસે શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કઈ રીતે કરવું તે અંગે બ્રાહ્મણનું માર્ગદર્શન મેળવવામાં આવી રહ્યું છે. આમ તો મંડળના કેટલાક સભ્યો એવો વિચાર ૨જુ કરી રહ્યાં છે કે, શ્રીજીની પ્રતિમાનું વિસર્જન કરીને જે ઘી રહેશે તેને મંદિરમાં દીવા માટે ઉપયોગમાં આવે તેમ કરી શકાય. જોકે, હજી સુધી મંડળ દ્વારા ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કઈ રીતે કરવું તે અંગે બ્રાહ્મણનું માર્ગદર્શન મેળવીને વિસર્જન કરવામાં આવશે.

### સામ પિત્રોડાએ સંમેલનમાં શ્રોતાગણને રાહુલ ગાંધીની ઓળખાણ આપતા કહ્યું

# રાહુલ ગાંધી એક દાર્શનિક નેતા છે : સામ પિત્રોડા

## કોંગ્રેસના અધ્યક્ષ સામ પિત્રોડાએ યોજાયેલા ઇંડીયન ડાયાસ્પારા સંમેલન દરમિયાન ઉપસ્થિત શ્રોતાગણને રાહુલ ગાંધીની ઓળખાણ આપતા કહ્યું હતું

ટેક્ષાસ ,તા.૧૦

રાહુલ ગાંધી એક દાર્શનિક નેતા છે. કરોડો રૂપિયા ખર્ચવા છતાં ભાજપ ત્યાં સુધી પહોંચી શકે તેમ નથી. તેઓનો વિદ્યાભ્યાસ પણ ઘણો છે, તેઓનું વાચન વિશાળ છે. ઘણો ગહન વિચાર કરી તેઓ રણનીતિ ઘડે છે. તેઓ લગભગ દરેકે દરેક વિષય પર ગહન જ્ઞાન ધરાવે છે. તેમ ઈંડીયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સામ પિત્રોડાએ યોજાયેલા ઈંડીયન ડાયાસ્પારા સંમેલન દરમિયાન ઉપસ્થિત શ્રોતાગણને રાહુલ ગાંધીની ઓળખાણ આપતા કહ્યું હતું.

આ સાથે સામ પિત્રોડાએ કહ્યું હતું કે, તેઓનું જ્ઞાન એટલું વિશાળ અને ગહન છે કે ઘણીવાર તેઓને સમજવા પણ મુશ્કેલ બને છે.

વિદ્યાભ્યાસ અંગે તેઓએ કહ્યું હતું કે, ભારતમાં વિદ્યાભ્યાસમાં ગાંધી વિચારધારા અભ્યાસના કેન્દ્રમાં હતી. તેમાં વિવિધતા વચ્ચે એકતા, તે મુખ્ય સુર હતો. આપણે તે સમયે, તે પ્રમાણે જીવ્યા હતા. પરંતુ હવે, સમાજમાં ભારે પરિવર્તન આવી રહ્યું છે. મૂળભૂત પોત ઉપર જ હુમલા થઈ રહ્યા છે. તેથી હું ઘણો સચિંત છું.

પિત્રોડાએ વધુમાં કહ્યું કે, આપણે જાતી, ધર્મ, ભાષા કે રાજ્યના ભેદભાવ રાખ્યા સિવાય પરસ્પર પ્રત્યે આદર અને પ્રેમ રાખીએ.

પ્રત્યેક માટે સમાન તકો હોય, શ્રમનું ગૌરવ હોય તે બધાને માટે રાહુલ ગાંધીએ અભિયાન જગાવ્યું છે. મારા માટે તે સૌથી વધુ ખુશીની વાત છે.

### હરિયાણામાં કુલ ૯૦ સીટો પર ચૂંટણી થવા જઈ રહી છે

# હરિયાણા ચૂંટણી માટે AAPની બીજી યાદી જાહેર કુલ ૯ ઉમેદવારોના નામ, ગઠબંધન જોખમમાં

## આમ આદમી પાર્ટીએ સોમવારે ૨૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી

હરિયાણા,તા.૧૦

કોંગ્રેસ સાથે ગઠબંધનની અટકળો વચ્ચે આમ આદમી પાર્ટીએ આજે મંગળવારે પણ હરિયાણાની વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી દીધી છે. મહત્ત્વપૂર્ણ છે કે, સોમવારે આમ આદમી પાર્ટીની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી હતી. અગાઉ, છછઁના હરિયાણા પ્રદેશ સુશીલ ગુપ્તાએ સોમવારે કહ્યું હતું કે, જો ગઠબંધન પર વાતચીત ન થાય તો તેઓ સોમવારે સાંજ સુધીમાં તમામ ૯૦ બેઠકો માટે ઉમેદવારોના નામની જાહેરાત કરશે. જો કે, આમ આદમી પાર્ટીએ હજુ સુધી આવું કર્યું નથી, જેના કારણે હજુ પણ ગઠબંધનની આશા છે. AAP એ પ્રથમ યાદીમાં ૨૦ અને બીજી યાદીમાં ૯ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.અત્યાર સુધીમાં કુલ ૨૯ ઉમેદવારો ફાઈનલ કરવામાં આવ્યા છે. હરિયાણામાં કુલ ૯૦ સીટો પર ચૂંટણી થવા જઈ રહી છે. અહીં ૫ ઓક્ટોબરે એક જ તબક્કામાં મતદાન થશે અને ૮ ઓક્ટોબરે મતગણતરી થશે.આમ આદમી પાર્ટીએ કલાયત વિધાનસભાથી અનુરાગ ઢાંડા, નારાયણગઢથી ગુરપાલ સિંહ, પૂંડરીથી પૂર્વ મંત્રી નરેન્દ્ર શર્મા, ઘરોંડાથી જયપાલ શર્મા, અસંધથી અમનદીપ જુંડલા, સમાલખાથી બિટ્ટુ પહેલવાન, ઉચાના કલાંથી પવન ફૌજી અને ડબવાલીથી કુલદીપ ગદરાણાને મેદાનમાં ઉતાર્યા છે. ત્યાં રાનિયાથી હેપ્પી રાનિયા, ભિવાનીથી ઈન્દુ શર્મા, મહમથી વિકાસ નેહરા, રોહતકથી બિજેન્દ્ર હુડ્ડા, બહાદુરગઢથી કુલદીપ છિક્કારા, બાદલીથી રણબીર ગુલિયા, બેરીથી સોનુ અહલાવત શેરિયા, મહેન્દ્રગઢથી મનીષ યાદવ, નરનૌલથી રવિન્દ્ર મટરુ, બાદશાહપુર, સોહનાથી વીર સિંહ સરપંચ, સોહનાથી ધર્મેન્દ્ર ખટાના અને બલ્લભગઢથી રવીન્દ્ર ફોજદારને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે

### ગુજરાતના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી

# દાહોદમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ, રસ્તાઓ પાણીમાં ગરકાવ

## ધાનપુરમાં પોણો ઈંચ વરસાદ ખાબક્યો છે તેમજ કેટલાક તાલુકામાં છુટો-છવાયો વરસાદની આગાહી કરવામાં આવી છે

દાહોદ,તા.૧૦

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે વહેલી સવારથી દાહોદમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. લીમખેડા, ઝાલોદ અને દેવગઢ બારિયામાં વરસાદ ખાબક્યો છે. ધોધમાર વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં રોડ પર પાણી ફરી વળ્યા છે. દેવગઢ બારિયામાં વીજળીના કડાકા ભડાકા સાથે અડધો ઈંચ વરસાદ ખાબક્યો છે. ધાનપુરમાં પોણો ઈંચ વરસાદ ખાબક્યો છે. તેમજ કેટલાક તાલુકામાં છુટો-છવાયો વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યમાં વરસાદી માહોલ રહે તેવી શક્યતાઓ છે. અમદાવાદમાં આગામી ત્રણ દિવસ વરસાદ વરસી શકે છે. મોન્સુન ટ્રફના કારણે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ મંગળવારે એટલે કે આજે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. દાહોદ, અરવલ્લી, મહીસાગરમાં વરસાદનું યલો એલર્ટ આપવામાં આવ્યુ છે.

### છ૭૬ વાળા ડોમમાં ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી

# રાજકોટમાં બાપ્પાને ૬૦ લાખનો સોનાનો હાર અને ડાયમંડનો શણગાર

## મૂર્તિના ફરતે આખો દિવસ ૮ જેટલા સફેદ ઉંદર પ્રદક્ષિણા કરી રહ્યા છે

રાજકોટ,તા.૧૦

સમગ્ર દેશમાં ગણેશ ભગવાનની જોરશોરથી આરાધના થઈ રહી છે. ઠેર ઠેર પંડાલો જોવા મળી રહ્યાં છે. ત્યારે રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા જે. કે. ચોક ખાતે ગણપતિ પંડાલની સજાવટ જોવા મળી રહી છે. અહીં એક ભક્ત દ્વારા અંદાજે રૂ. ૬૦ લાખની કિંમતનો સોનાનો હાર ગણપતિ દાદાને અર્પણ કરવામા આવ્યો છે. ગણપતિના બાજુબંધ સહિતમાં ડાયમંડનો અદભૂત શણગાર જોવા મળી રહયો છે. ગણપતિની આસપાસ લાઈવ ઉંદરો ફરતા હોય તેવો નજારો જોવા મળે છે.૧૦ દિવસનો રૂ. ૩૫ લાખ જેટલો ખર્ચ અને અંદાજે રૂ. ૬૦ લાખનો સોનાનો હાર મળી અહીં રૂ. ૧ કરોડના ગણપતિ બાપ્પાની સ્થાપના કરાઈ છે.રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક ખાતે શિવશક્તિ યુવા ગ્રુપ દ્વારા આ વખતે ૧૫માં વર્ષે જે.કે. ચોક કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વૈદિક થીમ સાથે ડેકોરેશન કરવામા આવ્યુ છે. આ મહોત્સવમાં ૫૦ ફૂટ આડો અને ૮૦ ફૂટ લાંબો એસી વાળો ડોમ તૈયાર કરાયો છે. ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને મૂર્તિના ફરતે આખો દિવસ ૮ જેટલા સફેદ ઉંદર પ્રદક્ષિણા કરી રહ્યા છે.

આયોજક બલરાજસિંહ રાણાએ મીડિયાને જણાવ્યુ હતુ કે, જે. કે. ચોક ખાતે આ વખતે સતત ૧૫મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું છે. આ વખતે ગણપતિ દાદાનો ડાયમંડથી શણગાર કરવામાં આવેલો છે. એક ભક્ત દ્વારા અહીં ગણપતિ દાદાને ૮૦૦ ગ્રામ સોનાનો હાર પહેરાવવામાં આવેલો છે. દરરોજ અંદાજે ૫૦,૦૦૦ ભાવિકો દર્શનનો લાભ લે છે. ૧૭મીએ વિસર્જન યાત્રા નીકળશે. હનુમાન ધારા ખાતે ગણેશજીની મૂર્તિનું વિસર્જન કરવામા આવશે. અન્ય આયોજક કુલદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, મૂર્તિને ડાયમંડથી શણગાર કરવામા આવેલો છે. વિઘ્નહર્તા દેવ સાફામાં સજ્જ છે. એક હાથમાં ત્રિશૂલ અને એક હાથમાં ફરસી છે.

### અબડાસા-લખપતના ૨૭ ટીમ દ્વારા સ્ક્રીનિંગ, ૪૮ શંકાસ્પદ મળ્યા

# કચ્છમાં શંકાસ્પદ તાવ : ૧૩નાં મોતથી આરોગ્ય ટીમ યુદ્ધનાં ધોરણે કાર્યરત

## આરોગ્ય વિભાગની ૨૭ ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી ૩૧૮ ઘરો પૈકી ૨૨૩૪ લોકોનું આરોગ્યલક્ષી સ્ક્રીનિંગ કર્યું હતું

કચ્છ, તા.૧૦

રાજ્યમાં સાર્વત્રિક વરસાદ થયો છે ત્યારે મચ્છરજન્ય રોગોનું પ્રમાણ વધ્યું છે. જેમાં ડેન્ગ્યૂ, મલેરિયા, ચિકનગુનિયા જેવા રોગોના કેસ નોંધાયા છે. રાજ્યમાં કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસો ધ્યાને આવ્યા છે. જેમાં 13 લોકોના મોત થયા છે. આ શંકાસ્પદ પ્રથમ કેસ કચ્છ જિલ્લામાં 4થી, સપ્ટેમ્બરે નોંધાયો હતો. જેના પગલે, આરોગ્ય વિભાગની 27 ટીમો યુદ્ધના ધોરણે 'હાઉસ ટુ હાઉસ સર્વે'નું કામ કરી 318 ઘરો પૈકી 2234 લોકોનું આરોગ્યલક્ષી સ્ક્રીનિંગ કર્યું હતું. જેમાં 48 જેટલા શંકાસ્પદ તાવના કેસ મળી આવ્યા હતા. તાલુકામાં દરેક તાવના દર્દીઓનો મેલેરિયા રેપીડ ટેસ્ટ કરાયો હતો. જેમાં બે દર્દી ઝેરી મેલેરિયા પોઝિટિવ આવેલા હતા અને એક દર્દી ડેન્ગ્યૂ પોઝિટિવ આવ્યો હતો. તંત્ર દ્વારા 'હાઉસ ટુ હાઉસ' દરમ્યાન એન્ટી લારવલ એક્ટિવિટી તેમજ 1955 ક્લોરીન ટેબ્લેટનું વિતરણ કરાયું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, શંકાસ્પદ તાવના કેસોને ધ્યાનમાં રાખીને રાજ્ય કક્ષાની એપીડેમીક અને વેક્ટર બ્રોન વિભાગની ટીમ, મેડિકલ કોલેજ અદાણી અને પીડીયુ મેડિકલ કોલેજ રાજકોટની રેપીડ રીપોન્સ ટીમ દ્વારા સ્થળ મુલાકાત લેવાઈ હતી. જેમાં મરણ પામેલા અને આજુ બાજુના ઘરોની મુલાકાતમાં શંકાસ્પદ તાવના દર્દીઓના વધુ તપાસ માટે લોહીના અને ગળા-નાકના સેમ્પલ લેવામાં આવ્યા હતા. અદાણી મેડિકલ કોલેજની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા કરાયેલા ઈન્વેસ્ટીગેશન કેસોનું બ્લડ સેમ્પલ, સિઝનલ ફ્લૂ, કોવિડ-19 અને બ્લડ સીરમ સેમ્પલ લેવાયા હતા. જેમાં 11 દર્દી પૈકી એક દર્દી સિઝનલ ફ્લૂ (H3N2) પોઝિટિવ આવ્યો હતો. તમામ 11 સેમ્પલ કોવિડ-19 નેગેટિવ આવ્યા હતા. જે સેમ્પલ મેડિકલ કોલેજ રાજકોટ, ICMR NIV Pune ખાતે વધુ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

### આ ફોટો ૨૦૧૮માં ક્લિક કરવામાં આવ્યો હતો

# સ્ટેચ્યુ ઓફ યુનિટીની દીવાલમાં તિરાડ પડી? આ મામલે નોંધાઈ ફરિયાદ

## @RaGa4India નામના એકાઉન્ટ પરથી કરાયેલી પોસ્ટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ફોટો મૂકી 'કભી ભી ગીર શકતી હૈ, દરાર પડના શુરુ હો ગઈ હૈ' નો દાવો કરાયો હતો

અમદાવાદ,તા.૧૦

વિશ્વના સૌથી ઉંચા સ્ટેચ્યુ ઓફ યુનિટી અંગે ખોટી માહિતી સોશિયલ મીડિયા પર ફેલાવવા અંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. સોશિયલ મીડિયા એક્સ પર @RaGa4India નામના એકાઉન્ટ પરથી કરાયેલી પોસ્ટમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો ફોટો મૂકી 'કભી ભી ગીર શક્તી હૈ, દરાર પડના શુરુ હો ગઈ હૈપ' નો દાવો કરાયો હતો. જેના બાદ આ ફોટો વાયરલ થતાં તંત્ર સતર્ક થઈ ગયું હતું. વર્ષ ૨૦૧૮માં પાડવામાં આવેલા ફોટા પર પોસ્ટ થતાની સાથે જ લોકોએ અલગ અલગ પ્રતિક્રિયા આપી હતી. એક યુઝરે લખ્યું, "સ્ટેચ્યુ પર સ્પેસ ટેક્નોલોજીની અસર." જોકે, ફેક્ટ ચેક કરતી એ જણાવ્યું કે, આ ભ્રામક માહિતી છે. આ ફોટો ૨૦૧૮માં ક્લિક કરવામાં આવ્યો હતો. સૂત્રો મુજબ સોમવારે રાત્રે સ્ટેચ્યુ ઓફ યુનિટી સત્તા મંડળે પોલીસ સ્ટેશનમાં અફવા ફેલાવવા ફરિયાદ નોંધાવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના નાયબ કલેક્ટરે ખોટા સમાચાર ફેલાવી લોકોમાં ભય પેદા કરવો અને શાંતિનો ભંગ કરી ખોટા પ્રચાર બદલ ફરિયાદ નોંધાવી છે.

### હવામાન વિભાગની આગાહી વચ્ચે અનેક વિસ્તારોમાં વરસાદ

# ધોધમાર વરસાદ ખાબક્તા ખાનપુરના પાદેડી ગામના બસ સ્ટેન્ડ પર પાણી ભરાયા

અમદાવાદ,તા.૧૦

હવામાન વિભાગની આગાહી વચ્ચે અનેક વિસ્તારોમાં વરસાદ વરસી રહ્યો છે. મહીસાગરમાં વરસાદના પગલે ખાનપુરના પાદેડી ગામના બસ સ્ટેન્ડ પર પાણી ભરાયા છે. ધોધમાર વરસાદ વરસતા રોડ પર પાણી ભરાતા વાહનચાલકો તેમજ યાત્રીઓ પરેશાન થયા હતા. ખેતરો અને ડુંગરોમાંથી પાણી આવતા પાણી ભરાયા છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આજે રાજ્યમાં વરસાદી માહોલ રહે તેવી શક્યતાઓ છે.અમદાવાદમાં આગામી ત્રણ દિવસ વરસાદ વરસી શકે છે. મોન્સુન ટ્રફના કારણે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. બીજી તરફ મંગળવારે એટલે કે આજે રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### હરિયાણા ચૂંટણી માટે ભાજપની બીજી યાદી જાહેર

# BJPએ બીજી યાદીમાં કુલ ૨૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા

## ભાજપે વિનેશ ફોગાટ સામે કેપ્ટન યોગેશ બૈરાગીને ટિકિટ આપી છે

હરિયાણા,તા.૧૦

ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે આજે મંગળવારે તેના ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી છે. BJP એ બીજી યાદીમાં કુલ ૨૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ યાદીમાં બે મુસ્લિમ ઉમેદવારોના નામ પણ જોવા મળ્યા છે તેમજ વિનેશ ફોગાટ સામે ઊભા રહેનારા ઉમેદવારના નામની પણ જાહેરાત કરવામાં આવી છે. આગામી હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં કોંગ્રેસે કુસ્તીબાજ વિનેશ ફોગાટને જુલાના વિધાનસભા બેઠક પરથી મેદાનમાં ઉતાર્યા છે. ભાજપે બીજી યાદીમાં આ બેઠક પરથી ઉમેદવારની જાહેરાત કરી છે. ભાજપે વિનેશ ફોગાટ સામે કેપ્ટન યોગેશ બૈરાગીને ટિકિટ આપી છે.

હરિયાણા વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા બહાર પાડવામાં આવેલી બીજી યાદીમાં બે મુસ્લિમ ઉમેદવારોને પણ ટિકિટ આપવામાં આવી છે. પાર્ટીએ ફિરોઝપુર ઝિરકા વિધાનસભા સીટ પરથી નસીમ અહેમદ અને પુન્હાના વિધાનસભા સીટ પરથી એજાઝ ખાનને ટિકિટ આપી છે.

હરિયાણામાં ૫ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણી માટે મતદાન થશે. જ્યારે ૮મી ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે. અગાઉ મતદાનની તારીખ ૧ ઓક્ટોબર અને પરિણામની તારીખ ૫ ઓક્ટોબર હતી. જોકે, ભાજપ અને આઈએનએલડીએ ચૂંટણી પંચને પત્ર લખીને મતદાનની તારીખ બદલવાની માંગ કરી હતી. ચૂંટણી પંચે રાજકીય પક્ષોની માંગને ધ્યાનમાં લઈને મતદાનની તારીખમાં ફેરફાર કર્યો છે.

### દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનની માંગ

# ભાજપના ધારાસભ્યોએ દ્રૌપદી મુર્મુને રૂબરૂ મળી રજૂઆત કરી

## ભાજપના ધારાસભ્યો દ્વારા સબમિટ કરવામાં આવેલા મેમોરેન્ડમને આગળની કાર્યવાહી માટે મંત્રાલયને મોકલવામાં આવ્યું છે

નવી દિલ્હી,તા.૧૦

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવાની માંગ ઉઠી છે. દિલ્હીમાં ભાજપના ધારાસભ્યોએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી હતી અને ત્યારબાદ તેમને આ અંગે રજુઆત કરી હોવાનું સામે આવી રહ્યું છે. દિલ્હી સરકારને બરતરફ કરવાની માંગ કરતી અપીલ દિલ્હી ભાજપ દ્વારા રાષ્ટ્રપતિને કર્યા બાદ તેઓએ ગૃહ મંત્રાલયને પત્ર મોકલ્યો છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા વિજેન્દર ગુપ્તાએ પુષ્ટિ કરી છે કે આમ આદમી પાર્ટી સરકાર પર બંધારણનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવતા ભાજપના ધારાસભ્યો દ્વારા સબમિટ કરવામાં આવેલા મેમોરેન્ડમને આગળની કાર્યવાહી માટે મંત્રાલયને મોકલવામાં આવ્યું છે.

વિપક્ષ નેતા વિજેન્દર ગુપ્તાએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે છઠ્ઠા દિલ્હી નાણાં પંચની રચના કરવામાં દિલ્હી સરકારની નિષ્ફળતા અને કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના અહેવાલો પર તેની નિષ્ક્રિયતા નોંધપાત્ર બંધારણીય ઉલ્લંઘનનું પ્રતિનિધિત્વ કરે છે. ૩૦ ઓગસ્ટના રોજ ભાજપના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ રાષ્ટ્રપતિ મુર્મુ સાથે મુલાકાત કરી તેમને મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની જેલને કારણે દિલ્હીમાં બંધારણીય કટોકટી તરીકે વર્ણવવામાં આવતા તેમાં હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી.

રાષ્ટ્રપતિના સચિવાલયના એક પત્રને શેર કરતા, વિજેન્દર ગુપ્તાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિએ મેમોરેન્ડમની નોંધ લીધી છે અને આગળની કાર્યવાહી માટે તેને ગૃહ સચિવને મોકલી દીધી છે. વિજેન્દર ગુપ્તાના નેતૃત્વમાં બીજેપીના ધારાસભ્યોએ સીએમ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હીમાં શાસન પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેઓએ રાષ્ટ્રપતિને હસ્તક્ષેપ કરવા વિનંતી કરી, એમ કહીને કે કેજરીવાલના ચાર મહિનાથી વધુ સમય સુધી જેલમાં રહેવાથી, આબકારી નીતિ કૌભાંડમાં તેમની કથિત સંડોવણીને કારણે રાજધાનીમાં વહીવટી તંત્રને લકવાગ્રસ્ત કરી દીધું છે. જેલમાં હોવા છતાં કેજરીવાલે રાજીનામું આપવાનો ઈનકાર કર્યો છે. જેના કારણે દિલ્હીમાં શાસનનું સંપૂર્ણ પતન થયું છે.

ભાજપે દાવો કર્યો હતો કે આવશ્યક સેવાઓ અને મહત્વપૂર્ણ વહીવટી નિર્ણયોમાં વિલંબ થઈ રહ્યો છે, જેનાથી દિલ્હીના નાગરિકો પર પ્રતિકૂળ અસર થઈ રહી છે. ધારાસભ્યો મોહન સિંહ બિષ્ટ, ઓમપ્રકાશ શર્મા, અજય મહાવર, અભય વર્મા, અનિલ વાજપેયી, જિતેન્દ્ર મહાજન, કરતાર સિંહ તંવર અને દિલ્હીના પૂર્વ મંત્રી રાજકુમાર આનંદ વિજેન્દર ગુપ્તાને બંધારણની કલમ ૩૫૬નો ઉપયોગ કરી આપ સરકારને બરતરફ કરવા માટે રાષ્ટ્રપતિ મુર્મુને અપીલ કરવા સાથે જોડાયા હતા

### અનામતને લઈને આપેલા નિવેદનને લઈને રાજકારણ ગરમાયુ

# આરક્ષણ દૂર કરવું તો ઠીક વિચારવું પણ ગુનો છે, ચિરાગ પાસવાનનો રાહુલ ગાંધીને જવાબ

## આ પહેલા બસપા સુપ્રીમો માયાવતીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું હતું કે તેમના નાટકથી સાવધાન રહેવાની જરૂર છે

નવી દિલ્હી,તા.૧૦

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અમેરિકન યુનિવર્સિટીમાં અનામતને લઈને આપેલા નિવેદનને લઈને રાજકારણ ગરમાયું છે. કેન્દ્રીય મંત્રી અને એલજેપીઆરના પ્રમુખ ચિરાગ પાસવાને કહ્યું કે અનામત નાબૂદ કરવાની વાત તો છોડો, તેના વિશે વિચારવું પણ ગુનો છે. આ પહેલા બસપા સુપ્રીમો માયાવતીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતા કહ્યું હતું કે તેમના નાટકથી સાવધાન રહેવાની જરૂર છે.ચિરાગ પાસવાને કહ્યું કે આજે રાહુલ ગાંધીના નિવેદનથી કોંગ્રેસ પાર્ટીની માનસિકતા છતી થઈ ગઈ છે. કોંગ્રેસ ઈચ્છે છે કે બાબા સાહેબ ડો.આંબેડકર દ્વારા આપવામાં આવેલ અનામત નાબૂદ કરવામાં આવે અને આ તેની પ્રાથમિકતાઓમાંની એક રહી છે. બંધારણીય વ્યવસ્થાની સુચારૂ કામગીરી માટે અનામત જરૂરી છે. આવી સ્થિતિમાં, અનામત નાબૂદ કરવાની વાત જ કરીએ, એ જોગવાઈ સાથે છેડછાડ કરવાનું કોઈ વિચારી પણ ન શકે.

કેન્દ્રીય મંત્રીએ વધુમાં કહ્યું કે કોંગ્રેસની માનસિકતા ધરાવતા લોકો આવા નિવેદનોનો ઉપયોગ જનતાને ગેરમાર્ગે દોરવા માટે કરી રહ્યા છે. અનામતનો મુદ્દો કોંગ્રેસનું ચૂંટણી સ્લોગન છે, જેનાથી આપણે સૌએ સાવચેત રહેવાની જરૂર છે. કેન્દ્રમાં લાંબા સમયથી સત્તામાં હોવા છતાં કોંગ્રેસ ન તો જાતિ ગણતરી કરાવી શકી કે ન તો ઓબીસી અનામતનો અમલ કરી શકી. આના પરથી સ્પષ્ટ થાય છે કે કોંગ્રેસની વિચારસરણી શરૂઆતથી જ અનામત વિરોધી રહી છે.

તેમણે કહ્યું કે તેઓ અનામત ખતમ કરવાના ષડયંત્ર માટે અન્ય લોકોને દોષી ઠેરવે છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે આ માનસિકતા ફક્ત આ લોકોની જ છે. બંને ગઠબંધનમાં એટલો ફરક છે કે એક તરફ વિપક્ષી નેતાઓ અનામત ખતમ કરવાનું વિચારી રહ્યા છે, તો બીજી તરફ NDAના આદરણીય નેતા આદરણીય વડાપ્રધાન મોદીજી અનામતની તમામ જોગવાઈઓને અમલમાં રાખવા માટે મક્કમ છે.

### પાણી દર વર્ષે ચોમાસામાં શહેરમાં ફરી વળે છે

# વિશ્વામિત્રીના પૂરને નાથવા મનપાએ તૈયાર કર્યો ખાસ એક્શન પ્લાન

વડોદરા,તા.૧૦

વડોદરામાં વિશ્વામિત્રીના પૂરે પુરા શહેરને બાનમાં લીધુ હતું અને વડોદરા માટે આ સ્થિતિ દર વર્ષે સર્જાય છે. વધુ વરસાદ થાય એટલે પૂરના પાણી વડોદરા શહેરમાં તારાજી લાવે છે. વડોદરામાં પૂરની સમસ્યના ઉકેલ માટે રાજ્ય સરકાર હવે એક્શન મોડમાં આવી છે..પૂર આવ્યા પછી પાલિકા પોતાની ભૂલ સ્વીકારી અને લોકોને મદદ નહીં કરી શક્યા હોવાની દિલગીરી પણ વ્યક્ત કરી રહ્યા છે. પરંતુ હવે આગામી સમયમાં ફરીવાર આ પ્રકારની પરિસ્થિતિના સર્જાય તે માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે.જે રીતે તાજેતરના પૂરે વડોદરામાં તારાજી સર્જી તેનાથી વડોદરાવાસીઓને અપાર મુશ્કેલીઓ વેઠવી પડી હતી. પૂરમાં ડૂબેલા વડોદરાના દ્રશ્યો હજુ બધાની આંખ સામે તરવરે છે.

ત્યારે વડોદરા મનપાના વિપક્ષએ સરકાર અને મનપાના સત્તાધીશોની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે.વડોદરા મનપાના પૂર્વ વિપક્ષ નેતા અમિ રાવતે દાવો કર્યો કે વડોદરામાં પૂરની સમસ્યાના સમાધાન માટે કોઈ નક્કર પ્લાન તૈયાર કરાયો નથી. પૂર આવ્યું એટલા માટે સરકારે ફંડની જાહેરાત કરી દીધી પરંતુ કંઈ આયોજન કરાયું નથી. વડોદરામાં પૂરની સમસ્યા ટાળવા માટે મનપા લાંબાગાળાનું આયોજન કરી રહી છે. સૌ પ્રથમ તો વિશ્વામિત્રી નદીના વહેણ અટકવતા દબાણો દૂર કરવા, કાંસની સફાઈ કરવી, કાંસની પહોળાઈ વધારવી. આ ઉપરાંત વિશ્વામિત્રીનું પાણી ડાયવર્ઝન કરી ખાસ કરીને ત્રણ હરીપુરા અને ધનોરા પર તળાવમાં પણ નાંખવામાં આવે તો પૂર પર નિયંત્રણ મેળવી શકાય તે પ્રકારના આયોજનો થઈ રહ્યા છે.

### ભૂપેન્દ્ર પટેલનો શહેરી જનજીવન સુખાકારીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# રોડરસ્તાના કામો માટે ધારાસભ્યદીઠ રૂ. ૨ કરોડની વધારાની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી

## જે વિસ્તારમાં ડામર રોડ કે કૌંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે

અમદાવાદ,તા.૧૦

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને તેમના મતવિસ્તારના રોડરસ્તાના વિવિધ કામો માટે પ્રત્યેક ધારાસભ્યને બે કરોડ રૂપિયાની વધારાની ગ્રાન્ટ ફાળવવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મહાનગરપાલિકા વિસ્તારોના ધારાસભ્યોને મહાનગરપાલિકાના પોતાના મતવિસ્તારમાં આવેલા કૌંકિટ, ડામરના નવા રોડ, જૂના રસ્તાઓના રિસરફેસિંગ, જે વિસ્તારમાં ડામર રોડ કે કૌંક્રિટ રોડ બનાવી શકાય તેમ ન હોય તેવા રસ્તાઓ પર પેવર બ્લોકની કામગીરી કરવા માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા ગ્રાન્ટ આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ શહેરી વિકાસ વિભાગની આ ગ્રાન્ટ ઉપરાંત આવા કામો માટે માર્ગ અને મકાન વિભાગની ગ્રાન્ટમાંથી ધારાસભ્યદીઠ વધારાની બે કરોડ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી છે. જ્યમાં મહાનગરપાલિકા વિસ્તારોના ૪૩ ધારાસભ્યોને આ હેતુસર કુલ ૮૬ કરોડ રૂપિયા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ફાળવાશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ શહેરીજન સુખાકારીની વૃદ્ધિ કરતા નિર્ણયને પરિણામે મહાનગરોમાં ચોમાસા દરમિયાન માર્ગોને થયેલા નુકસાનનું ત્વરાએ મરામત કાર્ય હાથ ધરી શકાશે. એટલું જ નહીં, માર્ગોની સુધારણા, મજબૂતીકરણને પરિણામે અર્બન મોબોલિટીમાં પણ સુગમતા રહેશે.મહાનગરપાલિકાઓએ સંબંધિત ધારાસભ્યશ્રીઓના પરામર્શમાં રહીને આ ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવાના દિશાનિર્દેશો આપવામાં આવ્યા છે.

### આરએસએસ ચીફ મોહન ભાગવતે કહ્યું

# 'કેટલાક તત્વો નથી ઈચ્છતા કે ભારત આગળ વધે, પરંતુ કોઈનાથી ડરવાની જરૂર નથી...'

## સંઘ પ્રમુખ અહીં લેખક ડો. મિલિંદ પરાડકર દ્વારા લખાયેલા 'તંજાવર્ચે મરાઠે' પુસ્તકના વિમોચન કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા

નવી દિલ્હી તા.૧૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સોમવારે મોટું નિવેદન આપ્યું છે. આરએસએસ ચીફે કહ્યું, કેટલાક તત્વો નથી ઈચ્છતા કે ભારત વિકાસ કરે અને આગળ વધે. તેઓ વિકાસના માર્ગમાં અવરોધો ઉભા કરી રહ્યા છે, પરંતુ કોઈનાથી ડરવાની જરૂર નથી, કારણ કે છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં પણ આવી જ સ્થિતિ હતી, પરંતુ તેનો સામનો ધર્મની શક્તિનો ઉપયોગ કરીને કરવામાં આવ્યો હતો.સંઘ પ્રમુખ અહીં લેખક ડૉ. મિલિંદ પરાડકર દ્વારા લખાયેલા 'તંજાવર્ચે મરાઠે' પુસ્તકના વિમોચન કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું, ધર્મનો અર્થ માત્ર પૂજા (કર્મકાંડ) નથી, પરંતુ તે એક વ્યાપક ખ્યાલ છે જેમાં સત્ય, કરુણા, 'તપશ્ચર્ય' (સમર્પણ)નો સમાવેશ થાય છે.તેમણે કહ્યું કે 'હિન્દુ' શબ્દ એક વિશેષણ છે જે વિવિધતાઓની સ્વીકૃતિનું પ્રતીક છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત એક હેતુ માટે અસ્તિત્વ ધરાવે છે અને 'વસુધૈવ કુટુમ્બકમ' (વિશ્વ એક પરિવાર છે)ના વિચારને આગળ ધપાવવા માટે આવ્યો છે. ભાગવતે કહ્યું કે ભૂતકાળમાં ભારત પર 'બાહ્ય' હુમલા મોટા પાયા પર દેખાતા હતા, તેથી લોકો સતર્ક હતા, પરંતુ હવે તે અલગ-અલગ સ્વરૂપમાં દેખાઈ રહ્યા છે.મોહન ભાગવતે તાટક અને પુતનાની વાર્તા પણ સંભળાવી હતી અને કહ્યું હતું કે, જ્યારે તાટક (રામાયણમાં એક રાક્ષસ)એ હુમલો કર્યો ત્યારે ઘણી અરાજકતા ફેલાઈ ગઈ હતી અને તે માત્ર એક તીરથી (રામ અને લક્ષ્મણ દ્વારા) માર્યો ગયો હતો, પરંતુ પુતના (રાક્ષસ, જે તે બાળક કૃષ્ણને મારવા માટે કાકીના વેશમાં આવી હતી. તેણી (શિશુ કૃષ્ણ)ને સ્તનપાન કરાવવા માંગતી હતી, પરંતુ કારણ કે તે કૃષ્ણ હતો (જેણે તેને મારી નાખ્યો).આરએસએસ ચીફે વધુમાં કહ્યું કે, આજની સ્થિતિ પણ એવી જ છે. હુમલાઓ આવી રહ્યા છે અને તે દરેક રીતે વિનાશક છે, પછી તે આર્થિક, આધ્યાત્મિક કે રાજકીય હોય. તેમણે કહ્યું કે કેટલાક તત્વો ભારતના વિકાસના માર્ગમાં અવરોધો ઉભા કરી રહ્યા છે અને વૈશ્વિક મંચ પર તેના ઉદયથી ડરે છે, પરંતુ તેઓ સફળ થશે નહીં.તેમણે કહ્યું, જેમને ડર છે કે જો ભારત મોટા પાયે વિકાસ કરશે તો તેમના ધંધા બંધ થઈ જશે, આવા તત્વો દેશના વિકાસના માર્ગમાં અવરોધો ઉભી કરવા માટે તેમની તમામ શક્તિનો ઉપયોગ કરી રહ્યા છે. તેઓ વ્યવસ્થિત હુમલાઓ કરી રહ્યા છે, પછી ભલે તે શારીરિક હોય કે સૂક્ષ્મ, પરંતુ ડરવાની જરૂર નથી, કારણ કે છત્રપતિ શિવાજી મહારાજના સમયમાં પણ આવી જ સ્થિતિ હતી જ્યારે ભારતના ઉદયની કોઈ આશા ન હતી.ભાગવતે કહ્યું, 'જીવન શક્તિ' (જીવનને પ્રભાવિત કરવાની શક્તિ) નામનું એક પરિબળ છે જે ભારતને વ્યાખ્યાયિત કરે છે. 'જીવનશક્તિ' આપણા રાષ્ટ્રનો આધાર છે અને તે ધર્મ પર આધારિત છે જે હંમેશા રહેશે. ધર્મ 'સૃષ્ટિ' (બ્રહ્માંડ)ના આરંભમાં હતો અને અંત સુધી તેની (ધર્મ) જરૂર રહેશે. ભારત ખૂબ જ ભાગ્યશાળી અને ધન્ય દેશ છે.

### ૩ મહિના માટે વચગાળાના જામીન માંગ્યા હતા

# જેલમાં બંધ સાંસદને ચૂંટણી પ્રચારની મળી મંજૂરી, દિલ્હી હાઈકોર્ટે આપ્યા જામીન

## હાલમાં, તેની નિયમિત જામીન અરજી પરનો આદેશ હજુ બાકી છે

નવીદિલ્હી,તા.૧૦

દિલ્હીની એક કોર્ટે આતંકવાદી ફંડિંગ કેસમાં સાંસદ એન્જિનિયર રાશિદને વચગાળાના જામીન મંજૂર કર્યા છે. પટિયાલા હાઉસ કોર્ટે તેમને ૨ ઓક્ટોબર ૨૦૨૪ સુધી વચગાળાના જામીન આપ્યા છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભાની આગામી ચૂંટણી માટે પ્રચાર કરવા માટે તેમને વચગાળાના જામીન આપવામાં આવ્યા છે. તેણે ૩ મહિના માટે વચગાળાના જામીન માંગ્યા હતા. હાલમાં, તેની નિયમિત જામીન અરજી પરનો આદેશ હજુ બાકી છે. શેખ અબ્દુલ રશીદ કે જેઓ એન્જિનિયર રશીદના નામથી જાણીતા છે, તેમણે જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાને બારામુલાથી લોકસભા ચૂંટણીમાં મોટા માર્જિનથી હરાવ્યા હતા જ્યારે તેઓ જેલમાં હતા. તેઓ અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડીને જીત્યા હતા.

હવે તેમના નેતૃત્વમાં અવામી ઈત્તેહાદ પાર્ટી (AIP) જમ્મુ-કાશ્મીરની આગામી ચૂંટણી લડવા જઈ રહી છે. સંસદીય ચૂંટણીમાં એન્જિનિયર રાશિદ માટે પ્રચાર કરનાર એન્જિનિયર રાશિદના પુત્ર અબરાર રાશિદ એઆઈપીના ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કરી રહ્યા છે. આ ક્રમમાં રાશિદે ચૂંટણી પ્રચાર માટે કોર્ટ પાસે જામીન માંગ્યા છે. ઉલ્લેખનીય છે કે, લોકસભા ચૂંટણી જીત્યા બાદ શપથ લેવા માટે કોર્ટે ૫ જુલાઈએ રાશિદને કસ્ટડી પેરોલ આપી હતી. રશીદ ૨૦૧૯ થી જેલમાં છે, જ્યાર NIA દ્વારા ૨૦૧૭ માં ટેરર ફંડિંગ કેસમાં તેની ધરપકડ કરવામાં આવી હતી. રાશિદ દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. કાશ્મીરી વેપારી ઝહૂર વટાલીની તપાસ દરમિયાન તેનું નામ સામે આવ્યું હતું, જેની એનઆઈએ દ્વારા ખીણમાં આતંકવાદી જૂથો અને અલગતાવાદીઓને કથિત રીતે ભંડોળ પૂરું પાડવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી.NIAએ આ કેસમાં કાશ્મીરી અલગતાવાદી નેતા યાસીન મલિક, લશ્કર-એ-તૈયબાના સંસ્થાપક હાફિઝ સઈદ અને હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીન સહિત અનેક લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. મલિકને આરોપો પર દોષિત ઠેરવ્યા બાદ ૨૦૨૨ માં ટ્રાયલ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી.

### ૬૫ નવા મતદાન મથકો બનાવાયા

# રાજૌરીમાં આતંકવાદ વિરોધી ઓપરેશન વચ્ચે ચૂંટણી માટે તૈયાર

## રાજૌરી, જેમાં પાંચ વિધાનસભા મતવિસ્તાર છે અને તે ૧૨૦ કિમીની નિયંત્રણ રેખા (એલઓસી) સાથે છે

નવી દિલ્હી, તા.૧૦

જમ્મુ અને કાશ્મીરનો મુખ્ય જિલ્લો રાજૌરી આતંકવાદીઓ વિરુદ્ધ સક્રિય ઓપરેશન વચ્ચે આગામી વિધાનસભા ચૂંટણી માટે તૈયારી કરી રહ્યો છે. જ્યાં ભારતીય સેના નિયંત્રણ રેખાના ૧૨૦ કિલોમીટર લાંબા વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરી રહી છે, ત્યારે ચૂંટણી પંચ પણ આ લોકતાંત્રિક પ્રક્રિયાને સુવ્યવસ્થિત કરવાના પ્રયાસો કરી રહ્યું છે.ચૂંટણી અધિકારીઓની ટીમે જિલ્લાના ૭૪૫ મતદાન મથકો પર ૧૦૦% વેબકાસ્ટિંગ સુનિશ્ચિત કરવાનું આયોજન કર્યું છે. અગાઉની ચૂંટણીઓની સરખામણીમાં આ વખતે ૬૫ નવા મતદાન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે, જેથી તમામ મતદારો મતદાન કેન્દ્રો સુધી પહોંચી શકે.ચૂંટણી કંટ્રોલ રૂમમાં અધિકારીઓની મુખ્ય જવાબદારી મતદાન મથકો પર દેખરેખ રાખવાની, સુરક્ષાની તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી છે તેની ખાતરી કરવી અને Cvigil એપ્લિકેશન દ્વારા મળેલી ફરિયાદોનું નિરાકરણ કરવાની છે.ચૂંટણી અધિકારીઓનું કહેવું છે કે તેમણે તેમના અધિકારીઓને માત્ર ચૂંટણી વ્યવસ્થાપન સુધી મર્યાદિત રાખવાને બદલે સમગ્ર લોકતાંત્રિક પ્રક્રિયાને સરળ અને ન્યાયી બનાવવા માટે તાલીમ આપી છે. તેમણે કહ્યું, ''આ વખતે અમે મતદાર મતદાન અને મતદાનમાં નવા રેકોર્ડ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ.રાજૌરી જિલ્લા કમિશ્નર અભિષેક શર્માએ જણાવ્યું હતું કે, ''આ ચૂંટણી માત્ર મત આપવાના માર્ગ તરીકે નહીં પરંતુ લોકશાહીના તહેવાર તરીકે ઉજવવામાં આવી રહી છે. અમે મતદાન મથકોની સંખ્યામાં વધારો કર્યો છે, મતદાનના દિવસે વૃક્ષારોપણ અભિયાન હાથ ધર્યું છે અને પ્રથમ વખત , વરિષ્ઠ નાગરિકો અને ખાસ વિકલાંગ મતદારોને ઘરે મતદાનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.''નિયંત્રણ રેખા પર ભારતીય સેના દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે અને ચૂંટણી પંચ જમીન પર સખત મહેનત કરી રહ્યું છે, રાજૌરી બતાવી રહ્યું છે કે સુરક્ષા પડકારો હોવા છતાં, લોકશાહી તેની સંપૂર્ણ ભવ્યતામાં ખીલી રહી છે

### ચંદ્ર પર આવ્યા ભૂકંપના આંચકા

# ચંદ્રયાન-૩ એ ચંદ્રની સપાટી પર ભૂકંપનો અભ્યાસ કરી સાબિત કર્યું

## ચંદ્ર ભૂકંપનો સૌથી લાંબો સમયગાળો ૧૪ મિનિટનો નોંધાયો

બેંગલોર ,તા.૧૦

ચંદ્રની સપાટી પરના આ ભૂકંપ ઉલ્કાપિંડોના હુમલા અથવા ગરમી સબંધિત અસરના કારણે આવી શકે છે. ચંદ્રયાન-૩ના લેન્ડર વિક્રમ સાથે મોકલવામાં આવેલા પાંચ વૈજ્ઞાનિક સાધનોમાંથી એક ઈન્સ્ટ્રૂમેન્ટ ફોર લુનર સિસ્મિક એક્ટિવિટીએ ચંદ્રના દક્ષિણી ધ્રુવીય પ્રદેશોમાં ૨૫૦થી વધુ ચંદ્ર ભૂકંપના આંચકા નોંધ્યા છે. તેમાંથી લગભગ ૨૦૦ ભૂકંપના સંકેત ચંદ્રયાન-૩ મિશન સાથે મોકલવામાં આવેલા રોવર પ્રજ્ઞાન અથવા અન્ય સાધનોના સંચાલન દરમિયાન નોંધવામાં આવ્યા હતા. પરંતુ બાકીના ૫૦ સંકેતોનો સબંધ રોવર અથવા લેન્ડર વિક્રમના કોઈપણ સાધનના સંચાલન સાથે નથી. વિજ્ઞાનીઓનું કહેવું છે કે આ ૫૦ સંકેતોનો સબંધ ચંદ્રની ભૂકંપની ગતિવિધિઓ સાથે હોઈ શકે છે. અમેરિકાના એપોલો મિશનના દાયકાઓ બાદ આ પ્રથમ વખત છે જ્યારે ચંદ્રના ભૂકંપનો અભ્યાસ કરવામાં આવ્યો છે. લેન્ડર વિક્રમ અત્યાધુનિક ઈન્સ્ટ્રૂમેન્ટ સિલિકોન માઈક્રો-મશીનિંગ સેન્સર ટેકનોલોજીથી સજ્જ ISRO ના વિજ્ઞાનીઓએ કહ્યું કે કદાચ આ પ્રથમ અવસર છે જ્યારે ચંદ્રના દક્ષિણી ધ્રુવીય પ્રદેશોમાં ભૂકંપના ડેટા એકત્ર કરવામાં આવ્યો હોય. વિજ્ઞાનીઓનું કહેવું છે કે લેન્ડર વિક્રમ અત્યાધુનિક ઈન્સ્ટ્રૂમેન્ટ સિલિકોન માઈક્રો-મશીનિંગ સેન્સર ટેક્નોલોજીથી સજ્જ છે અને તે અત્યંત સૂક્ષ્મ ચંદ્ર ધ્રુજારીનો પણ રેકોર્ડ કરે છે. ISRO વિજ્ઞાનીઓની ટીમે ચંદ્રયાન-૩ ઈન્સ્ટ્રૂમેન્ટમાંથી મેળવેલા ડેટાના આધારે સાયન્સ મેગેઝિન ઈકારસમાં પોતાનું સંશોધન પેપર પ્રકાશિત કર્યું છે.

લેન્ડરના પેલોડ ILSA એ ચંદ્ર ભૂકંપનો સૌથી લાંબો સમયગાળો ૧૪ મિનિટનો નોંધ્યો છે. પરંતુ આ ધ્રુજારી રોવરની હિલચાલથી છે. ડેટા દર્શાવે છે કે જ્યારે રોવર પ્રજ્ઞાન લેન્ડર વિક્રમની નજીકથી પસાર થઈ રહ્યું હતું ત્યારે ભૂકંપના સંકેત તીવ્ર હતા. લગભગ ૨૬ કિલો વજન ધરાવતું રોવર ચંદ્રની સપાટી પર ૧ સેમી પ્રતિ સેકન્ડની ઝડપે ચાલી રહ્યું હતું. લેન્ડરથી ૭ મીટરના અંતર સુધી આંચકાની તીવ્રતા વધુ રહી હતી.

પરંતુ જ્યારે અંતર ૧૨ મીટર થયું ત્યારે ભૂકંપના સંકેતોની તીવ્રતા ઓછી થવા લાગી. વિજ્ઞાનીઓનો દાવો છે કે જો ભવિષ્યમાં ચંદ્ર પર વસાહતો સ્થાપિત થશે તો આ પ્રકારના અભ્યાસ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

### અરુણાચલમાં ચીનની ઘૂસણખોરીના દાવા પર રિજિજુએ કહ્યું

# 'ચીન હોય કે અન્ય કોઈ, અમે કોઈને અમારી જમીન લેવા નહીં દઈએ...'

## ભારત સરકાર, આપણું સંરક્ષણ મંત્રાલય અને વિદેશ મંત્રાલય વાટાઘાટોમાં વ્યસ્ત છે

અરુણાચલ, તા.૧૦

અરુણાચલ પ્રદેશમાં ચીનની ઘૂસણખોરીના નવા દાવા પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુનું નિવેદન સામે આવ્યું છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'સોશિયલ મીડિયા અને સ્થાનિક મીડિયામાં બતાવવામાં આવ્યું હતું કે ચીની પીએલએ (સેના)એ અરુણાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં કેટલાક નિશાન લગાવ્યા છે.'કિરેન રિજિજુએ વધુમાં કહ્યું, 'આપણે બધા પરિસ્થિતિ જાણીએ છીએ. ભારત સરકાર, આપણું સંરક્ષણ મંત્રાલય અને વિદેશ મંત્રાલય વાટાઘાટોમાં વ્યસ્ત છે. અમારી સ્થિતિ સ્પષ્ટ છે કે ચીનની સેના અથવા ચીની દળોને તેમની નિયંત્રણ રેખાની બહાર કોઈપણ પ્રકારનું કાયમી માળખું બનાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં.કેન્દ્રીય મંત્રીએ કહ્યું, 'અરુણાચલ પ્રદેશમાં કેટલાક વિસ્તારો એવા છે જ્યાં કુલ વિસ્તાર નક્કી નથી. શરૂઆતથી જ સીમાઓ નક્કી કરવામાં આવી નથી. તો આવી સ્થિતિમાં આપણી ભારતીય સેના અને ચીનની સેનાઓ એકબીજાના નિયંત્રણવાળા વિસ્તારોમાં આગળ વધતા રહે છે. દુર્ગમ અને અજાણ્યા ભૂપ્રદેશને કારણે, કેટલીકવાર પેટ્રોલિંગ પાર્ટીઓ એવા વિસ્તારોમાં જાય છે જે નક્કી કરવામાં આવ્યા નથી. તેઓ નિશાનો બનાવવાનો પ્રયાસ કરે છે, જમીન પર અમુક પ્રકારની વસ્તુઓ પણ મૂકે છે.ઘૂસણખોરીના દાવા અંગે વાત કરતા રિજિજુએ કહ્યું, 'જ્યારથી અમારી સરકાર સત્તામાં આવી છે ત્યારથી ચીનને અમારી નિયંત્રણ રેખાની અંદર કોઈ કાયમી માળખું સ્થાપિત કરવાની મંજૂરી આપવામાં આવી નથી અને તેને મંજૂરી આપવામાં આવશે નહીં. અમે અન્ય કોઈ દેશને અમારી જમીન હડપ કરવા નહીં દઈએ. ચીન હોય કે અન્ય કોઈ દેશ.કિરેન રિજિજુએ કહ્યું કે અનિશ્ચિત વિસ્તારોમાં ચિહ્નિત કરવાનો અર્થ એ નથી કે તે વિસ્તારમાં અતિક્રમણ થયું છે.

અવ્યાખ્યાયિત વિસ્તારોમાં ભારતીય અને ચીની સેનાઓ દ્વારા પેટ્રોલિંગનું ઓવરલેપિંગ છે. કામચલાઉ માર્કિંગ અમારા વિસ્તાર પર અતિક્રમણ કરશે નહીં.

### નેશનલ એસેમ્બલીમાંથી ધરપકડ

# ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈના પ્રમુખ ગૌહર ખાનની ધરપકડ

## પીટીઆઈના નેતાઓ બેરિસ્ટર ગોહર, શેર અફઝલ ખાન મારવત અને અન્યની સોમવારે રાત્રે સંસદની બહારથી ઈસ્લામાબાદ પોલીસે ધરપકડ કરી હતી

ઈસ્લામાબાદ, તા.૧૦

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના પ્રમુખ અને સાંસદ બેરિસ્ટર ગૌહર ખાનની ધરપકડ કરવામાં આવી છે. સોમવારે તેની નેશનલ એસેમ્બલીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. એક દિવસ પહેલા પીટીઆઈના કાર્યકરો અને નેતાઓએ ઈસ્લામાબાદમાં રેલી યોજી હતી અને ઈમરાન ખાનને જેલમાંથી મુક્ત કરવાની માંગ કરી હતી.પાકિસ્તાની અખબાર ડોનના અહેવાલ મુજબ, એક પોલીસ અધિકારીએ પુષ્ટિ કરી છે કે પીટીઆઈના નેતાઓ બેરિસ્ટર ગોહર, શેર અફઝલ ખાન મારવત અને અન્યની સોમવારે રાત્રે સંસદની બહારથી ઈસ્લામાબાદ પોલીસે ધરપકડ કરી હતી. ઈસ્લામાબાદ પોલીસના પ્રવક્તા જવાદ તકીએ અખબારને જણાવ્યું કે મારવત, શોએબ શાહીન અને બેરિસ્ટર ગોહરની ધરપકડ કરવામાં આવી છે.પીટીઆઈએ પાર્ટી અધ્યક્ષ બેરિસ્ટર ગોહરની ધરપકડને 'ગેરકાયદેસર' ગણાવીને વખોડી કાઢી. પાર્ટીએ કહ્યું, 'આ સમગ્ર સંસદ માટે શરમજનક ક્ષણ છે. આને પાકિસ્તાનમાં લોકશાહી પર સીધો હુમલો ગણવો જોઈએ. સંસદના આવા અપમાનને મંજૂરી આપવા બદલ નેશનલ એસેમ્બલીના સ્પીકરને શરમ આવવી જોઈએ. પીટીઆઈએ કહ્યું, 'પાકિસ્તાન અઘોષિત માર્શલ લોમાં વધુ સરકી ગયું છે.'પાકિસ્તાનના સૂચના મંત્રી અત્તા તરારએ સોમવારે કહ્યું કે જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સૈન્ય ટ્રાયલ અંગે કોઈપણ નિર્ણય કેસની યોગ્યતાને ધ્યાનમાં લઈને લેવામાં આવશે. ઈમરાનની પાર્ટીએ રવિવારે શક્તિ પ્રદર્શન કર્યું હતું, તેની તાત્કાલિક મુક્તિની માંગણી કરી હતી અને પાર્ટી પરના ક્રેકડાઉન માટે સરકારની ટીકા કરી હતી. પોલીસે ભીડને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા.

### રાહુલ ગાંધીએ અમેરિકામાં કહ્યું

# 'અમે માત્ર આરક્ષણ ખતમ કરવા વિશે જ વિચારી શકીએ છીએ...'

## જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપતાં તેમણે અનામતને લઈને મોટું નિવેદન આપ્યું છે

નવી દિલ્હી, તા.૧૦

જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ આરક્ષણ વિશે કહ્યું કે જ્યારે તમે નાણાકીય આંકડાઓ જુઓ તો આદિવાસીઓને 100 રૂપિયામાંથી 10 પૈસા મળે છે, દલિતોને 100 રૂપિયામાંથી 5 રૂપિયા મળે છે અને ઓબીસીને પણ લગભગ રૂ સમાન રકમ. પરંતુ વાસ્તવિકતા એ છે કે તેમને ભાગીદારી નથી મળી રહી. સમસ્યા એ છે કે દેશના 90 ટકા લોકોને સમાન તકો નથી મળી રહી.કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અમેરિકાના પ્રવાસે છે. અહીં જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપતાં તેમણે અનામતને લઈને મોટું નિવેદન આપ્યું છે.જ્યારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને પૂછવામાં આવ્યું કે જાતિના આધારે અનામત ક્યાં સુધી ચાલુ રહેશે? તેના પર તેમણે કહ્યું કે કોંગ્રેસ ત્યારે જ અનામત ખતમ કરવા વિશે વિચારશે જ્યારે દેશમાં ન્યાયીતા હશે. અત્યારે દેશમાં આવી સ્થિતિ નથી. રાહુલ ગાંધીએ જ્યોર્જટાઉન યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના સવાલોના જવાબ આપતા આ નિવેદન આપ્યું હતું.આ પહેલા વર્જીનિયામાં એક કાર્યક્રમને સંબોધિત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપ અને આરએસએસ એ નથી સમજતા કે આ દેશ દરેકનો છે. વર્જીનિયામાં એનઆરઆઈ સમુદાયને સંબોધિત કરતી વખતે રાહુલ ગાંધીએ કહ્યું કે આરએસએસ કહે છે કે કેટલાક રાજ્યો અન્ય કરતા નીચા છે. કેટલીક ભાષાઓ અન્ય ભાષાઓ કરતાં હલકી કક્ષાની હોય છે. કેટલાક ધર્મો અન્ય ધર્મો કરતા હલકી ગુણવત્તાવાળા છે. એ જ રીતે, કેટલાક સમુદાયો અન્ય સમુદાયો કરતાં હલકી ગુણવત્તાવાળા છે.વિપક્ષના નેતા રાહુલે કહ્યું કે RSSની વિચારધારા એ છે કે તેઓ માને છે કે તમિલ, મરાઠી, બંગાળી અને મણિપુરી ભાષાઓ હલકી કક્ષાની છે. આ જ અમારી લડાઈ છે. વાસ્તવમાં આ લોકો (RSS) ભારતને સમજી શકતા નથી. અમને લાગે છે કે તમે પંજાબ, હરિયાણા, મહારાષ્ટ્ર કે અન્ય રાજ્યના છો. તમારા બધાનો પોતાનો ઈતિહાસ, પરંપરા અને ભાષા છે અને દરેકનું સમાન મહત્વ છે.

### કૉંગ્રેસે કરી ફરિયાદ

# ચૂંટણી પંચે માનવ અધિકાર પંચના ખાલી પદો ભરવાના નિર્ણય પર રોક લગાવી

## રાજ્ય સરકાર ચૂંટણી પહેલા ગયા વર્ષથી પંચની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માંગતી હતી

હરિયાણા, તા.૧૦

હરિયાણાની ૯૦ વિધાનસભા સીટો પર ૫ ઓક્ટોબરે ચૂંટણી યોજાવાની છે. આ માટે તમામ પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. પરંતુ આ દરમિયાન ચૂંટણી પંચે હરિયાણાની વર્તમાન સરકારને ઝટકો આપ્યો છે. હકીકતમાં, ચૂંટણી પંચે હરિયાણામાં રાજ્ય માનવાધિકાર આયોગમાં નિમણૂકને સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. રાજ્ય સરકાર ચૂંટણી પહેલા ગયા વર્ષથી પંચની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માંગતી હતી. પરંતુ ચૂંટણી પંચે સ્પષ્ટતા કરી છે કે હવે કોઈપણ નવી ભરતી વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાના ત્રણ અઠવાડિયામાં જ કરવામાં આવશે. મતલબ કે હવે જે કંઈ કરવાનું છે તે નવી સરકાર જ કરશે.ચૂંટણી પંચે આ આદેશ હરિયાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિની ફરિયાદ પર આપ્યો છે. ચૂંટણી પંચે હરિયાણા રાજ્ય માનવાધિકાર આયોગના અધ્યક્ષ, સભ્ય (ન્યાયિક) અને સભ્ય (નોન-જ્યુડિશિયલ)ની નિમણૂક માટેની પસંદગી સમિતિની બેઠક હરિયાણામાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી સ્થગિત કરી દીધી છે. એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ પદો ગત વર્ષથી ખાલી પડી હતી. એક રિટ પિટિશન પર કાર્યવાહી કરતા, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે ૫ એપ્રિલે રાજ્ય સરકારને લોકસભા ચૂંટણીની આચાર સંહિતા અથવા સ્ક્રૂઝ પાછી ખેંચવાની તારીખથી ૩ અઠવાડિયાના સમયગાળાની અંદર તમામ પોસ્ટ ભરવાનો નિર્દેશ આપ્યો હતો.પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોર્ટની સૂચનાનું પાલન કરવામાં આવ્યું ન હતું. જ્યારે પૂરતો સમય ઉપલબ્ધ હતો. આ દરમિયાન તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. ૮ સપ્ટેમ્બરે સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવી હતી. પરંતુ વ્યૂહરચના તરીકે, રાજ્યના વકીલની વિનંતી પર તેને ૧૨ નવેમ્બર સુધી મુલતવી રાખવામાં આવી હતી.હવે પંચે પોતાના આદેશમાં કહ્યું છે કે આ પદો એક વર્ષથી વધુ સમયથી ખાલી છે. આવી સ્થિતિમાં હવે આ જગ્યાઓ પર ભરતી ચૂંટણી પરિણામ બાદ જ કરવામાં આવશે. તમને જણાવી દઈએ કે હરિયાણામાં ૫ ઓક્ટોબરે મતદાન થવાનું છે. અહીં એક જ તબક્કામાં મતદાન થવાનું છે. પરિણામ ૮ ઓક્ટોબરે આવશે.

# ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારની નવી પહેલ

## રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નવી 'હેલ્પલાઇન-૧૮૦૦૨ ૩૩૧૧૨૨' શરૂ

અમદાવાદ,તા.૧૦

રાજ્યમાં ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે. રાજ્યમાં બનતા માર્ગ અકસ્માતો તેમજ ટ્રાફિક જામ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે એક વિશેષ હેલ્પલાઈન-૧૮૦૦૨૩૩૧૧૨૨ સેવા શરૂ કરવામાં આવી છે.

રાજ્યના કોઈ પણ ખૂણે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિક જામની સમસ્યા કે અન્ય કોઈપણ ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન કોલથી આ નવી હેલ્પલાઈનમાં આપી શકશે. જે માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તે સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે.

ટ્રાફિક સંબંધિત આ હેલ્પલાઈન ઉપરાંત ગુજરાત પોલીસ દ્વારા નાગરિકો માટે અન્ય ત્રણ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેમાં વેબસાઈટ, ઈમેઈલ આઈડી તેમજ સ્માર્ટફોન યુઝર્સ માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ નાગરિકોની સરળતા માટે કરવામાં આવ્યો છે.

'હેલ્પ લાઈન-૧૮૦૦૨૩ ૩૧૧૨૨': આ ડેડિકેટેડ હેલ્પલાઈન ઉપર કૉલ મળતા જ પોલીસ દ્વારા જે વિસ્તારની ફરિયાદ હશે તે સંબંધિત જિલ્લાના પોલીસ અધિકારીને તાત્કાલિક આ સમસ્યાના નિવારણ માટે એક્શન લેવા સૂચના આપવામાં આવશે.

એપ્લિકેશનઃ ટ્રાફિક જામ કે માર્ગ અકસ્માત સંબંધિત કોઈ પણ ફરિયાદ સ્માર્ટ ફોનની મદદથી એપ્લિકેશન મારફતે કરી શકાય તે માટે એપ્લિકેશન 'સિટીઝન ફર્સ્ટ'માં ખાસ ફિચર ઉમેરવામાં આવ્યુ છે. આ એપ્લિકેશન મારફતે કોઈ પણ વ્યક્તિ મોબાઈલમાં ફોટો પાડીને સમસ્યાની જાણ પોલીસને કરી શકશે. જેનાં લોકેશનને આધારે પોલીસ રિયલ ટાઈમ મોનિટરીંગ કરીને આ સમસ્યાનો ઉકેલ લાવશે.

વેબસાઈટઃ રાજ્યના કોઈ પણ ખૂણે કોઈ નાગરિકને માર્ગ અકસ્માત કે ટ્રાફિક જામ સંબંધિત કોઈ સમસ્યાનો સામનો કરવો પડે કે આવા કોઈ દ્રશ્ય દેખાય તો તેનો ફોટો 'https://gujhome.gujarat.gov.in/portal' વેબસાઈટમાં અપલોડ કરી તે કયા લોકેશનની સમસ્યા છે તેની માહિતી આપી શકશે.

ઈમેઈલઃ કોઈ પણ નાગરિક ટ્રાફિક સંબંધિત સમસ્યાની જાણકારી ઈમેઈલ આઈ.ડી 'trafficgrievance@gujarat.gov.in' ઉપર પણ આપી શકશે. ઈમેઈલ પર મળેલી ફરિયાદ અંગે પણ એક્શન લઈ સમસ્યાનું નિવારણ લાવવામાં આવશે. આ તમામ માધ્યમો મારફતે નાગરિકો તરફથી મળેલી ટ્રાફિક સંબંધિત ફરિયાદોનું નિવારણ કરવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. જેના થકી હવે ગુજરાતના નાગરિકો તેમની ટ્રાફિક સમસ્યાઓના ઝડપી અને વધુ અસરકારક ઉકેલ મેળવી શકશે. આ નવી સુવિધાઓના વ્યાપક ઉપયોગ માટે નાગરિકોને સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે, જેથી રાજ્યની ટ્રાફિક વ્યવસ્થામાં વધુ સુધાર લાવી શકાય અને માર્ગ સલામતીમાં વધારો થાય.

# અમરેલી ખાતે સારહિ યુથ કલબ દ્વારા ગણેશોત્સવનું આયોજન





અમરેલીની પ્રસિધ્ધ સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબના પ્રમુખ અને તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે દુંદાળાદેવ ગણપતિદાદાની વંદનાના પર્વ ''ગણેશ મહોત્સવ–૨૦૨૪''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અમરેલી મધ્યમાં સીનીયર સીટઝન પાર્ક ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી દ્વારા ગણેશ ઉત્સવમાં તા. ૯/૯/૨૪ના રોજ સવારની આરતી એપેક્ષ સ્કૂલના બાળકો દ્વારાઉતારી હતી, દાદાનો બપોરનો થાળ અગ્રણી વેપારી કાળુભાઈ અકબરી તરફથી ધરવામાં આવેલ તેમજ સાંજની આરતી બહેરામુંગા સ્કૂલ અને સર્વોદય સ્કૂલના બાળકો દ્વારા ઉતારવામાં આવી હતી. પ્રસાદ હરિઓમ ડેરી ફાર્મ તરફથી ધરવામાં આવેલ હતો. ગણેશ ઉત્સવમાં બહોળી સંખ્યામાં નગરજનો દર્શનનો લાભ લઈ રહ્યાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ફુટપાથ અને જાહેર માર્ગ

અમરેલીનાં ખાદીભવન, ભીડભંજનચોક, પોસ્ટ ઓફિસની બંન્ને બાજુ , હરિરોડ, લાયબ્રેરી રોડ, શાકમાર્કેટ, માર્કેટ યાર્ડ, રોડ સહિતનાં વિસ્તારોમાંમાર્ગનેનડતરરૂપકેબિનોઅને રેંકડીઓનો ખડકલો જોવા મળે છે. મીડિયામાંઅહેવાલપ્રસિધ્ધથાયએટલે એક–બે દિવસ કામગીરી કરવાની ઔપચારિકા પુર્ણ કરવામાં આવે. ગાંધી બાગનીસામેએકફુલસ્ટોલધારકફુટપાથ પરકેબિનરાખીનેપાંચવર્ષથીનડતરરૂપ બનેતેમજઅતિથિગૃહનીદીવાલસહિતનાં અનેક વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં દબાણહોયદુર કરવામાંઆવતુંનથી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં મોટા ભંડારીયા ગામે

કોર્ટમાં સરકાર સામે/ગ્રામ પંચાયત સામે દાવાઓદાખલકરેલ.

આમ સદરહું દાવાઓ, સિવિલ કોર્ટમાંઅમરેલીમાંરે.દિ. મુકદમાં નં. ૧૭૪/૨૦૨૦, ૧૭૫/૨૦૨૦, ૧૭૬/૨૦૨૦, ૧૭૭/૨૦૨૦, ૧૭૮/૨૦૨૦, ૧૭૯/૨૦૨૦, ૧૮૦/૨૦૨૦, ૧૮૧/૨૦૨૦, ૧૮૨/૨૦૨૦ અને ૧૮૩/૨૦૨૦થી સિવિલ કોર્ટ મુકામે ચાલતાહતા.

તેદરમ્યાન (તત્કાલીન) ગ્રામ પંચાયતનો કાર્યહાલ પૂર્ણ થતા (કાર્યકાળ વર્ષ ૨૦૧૬/૧૭થી ૨૦૨૧/૨૨ સુધી) હાલના વર્તમાન સરપંચ અને હાલના/વર્તમાન ગ્રામ પંચાયત બોડી સત્તામાંઆવેલ. વર્તમાનસરપંચેપોતાની સત્તાનો દુરઉપયોગ કરી, સત્તા બહારનું ગેરકાનૂનીકૃત્યકરીસદરહું૧૦દબાણદારો સાથે મળી જઈને મિલાપી પણાથી, હાથ મિલાવીને,એકસંપકરીનેસરકારઅનેગ્રામ પંચાયતના કાયદેસરનારોકાયેલા/નીમેલા વકીલને બન્નેને અંધારામાં રાખી પોતાની રીતે મનસ્વી રીતે ''સમાધાન કરાર'' કરી તા. ૯/૩/૨૩નાં રોજ સિવિલ કોર્ટ મુકામે રજૂકરી/દાખલકરીઆતમામદાવાઓબંધ કરાવેલછે.

આમવર્તમાનસરપંચેસરકાર વિરૂધ્ધનું કાર્ય કરી સરકાર સાથે વિશ્વાસઘાત, ધોખાધાડીકરેલ, તેબાબતે પૂર્વઉપસરપંચનરેન્દ્રભાઈ રણછોડભાઈ સોજીત્રા કે જેઓ સદરહું તમામ સિવિલ કોર્ટમાં ચાલતા દાવાઓમાં તે સમયના કાયદેસરના સરકાર તર્ફેનાં/ગ્રામ પંચાયત તર્ફેનાંપ્રતિવાદીતરીકેકાયદેસરનુંવકીલતા પત્ર રજૂ કરી આ તમામ કેસ/દાવાઓમાં કોર્ટ/કચેરીની કાર્યવાહી કરતાહતા. આથી સમગ્ર ઘટનાક્રમ અંગે અમરેલી તાલુકા પંચાયતના, તાલુકાવિકાસઅધિકારીનેતા. ૨૭/૪/૨૩નાં રોજ દસ્તાવેજી પુરાવાઓ સાથેઅરજી/ફરિયાદસાથેઆપી, વર્તમાન સરપંચસામેકાયદેસરનીકાર્યવાહીકરવા રજૂઆત કરેલ. પરંતુ તાલુકા વિકાસ અધિકારીએતા.૨૭/૩/૨૩થીઆજપર્યન્ત કોઈ કાર્યવાહી કરેલ નથી અને પોતાના અધિકાર ક્ષેત્ર હેઠળ પોતાના પદનો દુરઉપયોગકરીદબાણકર્તાઓનેઅયોગ્ય લાભપહોંચાડવામાટે/લાભઆપવામાટે, વર્તમાન સરપંચ સાથે મળી જઈને મિલાપીપણાથી/હાથ મિલાવીને, સરકાર વિરૂધ્ધષડયંત્રરચી/કાવતરૂકરીસદરહુંકુલ ૪૯ દબાણદારોને છાવરવા/લાભ કરી આપવાનાઈરાદાથીદરેકદબાણદાર દીઠ રૂા. ૫૦,૦૦૦ની રકમ નકકી કરી કુલ ૨૪,૫૦,૦૦૦નું કૌભાંડ કરવા પ્લાનીંગ કરીસરકારને (જંત્રીનાભાવમુજબ) એક કરોડ સતર લાખની કિંમતની સરકારી જમીન ઓળવી જવા ષડયંત્ર કરેલ. પરંતુ આ ''દબાણ કૌભાંડમાં'' સહમત ન થયેલા અને સદરહું કુલ ૪૯ દબાણદારોના લીસ્ટમાના ક્રમ નંબર ૧૭ પરના કથિત દબાણદાર ખંડણી આપવા સહમત ન થતાં સમગ્રઘટનાક્રમ/ષડયંત્ર/દબાણ કૌભાંડનો પર્દાફાશ/ભાંડાફોડ થયો. આમ મોટા ભંડારીયા ગામના સરકારી જમીન દબાણ કૌભાંડ ખુલ્લું પડતા નાસીપાસ થયેલ વર્તમાનસરપંચઅને (તત્કાલીન) તાલુકા વિકાસ અધિકારી અને તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયત મોટા ભંડારીયાએ એકસંપ કરી, ષડયંત્ર રચી કાવત્રુ કરી ૪૯ દબાણદારોનાલીસ્ટ પૈકીનાક્રમનંબર ૧૭ પરના કથીત દબાણદારને એકલાને નવેસરથી બનાવટી/ખોટી અને સરકારી રેકર્ડ આધાર પુરાવા વગરની નોટીસ તા. ૨૪/૧/૨૪નાં પાઠવી ખોટી કાર્યવાહી કરી રહ્યાછે તેમજ પૂર્વઉપસરપંચને પણ તદન વાહિયાત, ખોટી અને સરકારી રેકર્ડ આધારિત પુરાવા વગરની તદન ગેરકાયદેસર નોટીસ તા. ૨૯/૧/૨૪નાં રોજ પાઠવેલછે.

આથી સમગ્ર ''દબાણ કૌભાંડ''બાબતે ગુજરાત હાઈકોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી પૂર્વઉપસરપંચ નરેન્દ્રભાઈ રણછોડભાઈ સોજીત્રા ધ્વારા હાથ ધરવામાંઆવેલછે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૭ | ૧૧૩૮ |
| ૨ | શિંગ મોટી | ૭૦૧ | ૧૧૪૯ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૮૫ | ૨૭૦૦ |
| ૫ | તલ કાળા | ૨૩૧૦ | ૩૬૪૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૪૨ | ૩૨૪૨ |
| ૭ | બાજરો | ૪૫૧ | ૪૮૭ |
| ૮ | જુવાર | ૫૩૫ | ૭૭૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૨૭ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૬૨ | ૬૦૧ |
| ૧૧ | મગ | ૧૨૭૦ | ૧૩૬૦ |
| ૧૨ | અડદ | ૧૨૨૦ | ૧૪૬૦ |
| ૧૩ | ચણા | ૧૧૯૮ | ૧૫૦૦ |
| ૧૪ | ચોળી | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૫ | કપાસ | ૯૬૫ | ૧૬૮૩ |
| ૧૬ | એરંડા | ૧૧૪૫ | ૧૧૫૨ |
| ૧૭ | જીરૂ | ૩૫૦૦ | ૪૫૦૫ |
| ૧૮ | ધાણા | ૮૪૦ | ૧૨૭૦ |
| ૧૯ | મેથી | ૫૦૦ | ૧૧૧૨ |
| ૨૦ | સોયાબીન | ૮૦૧ | ૮૪૦ |
| ૨૧ | રજકાનું બી | ૩૫૦૦ | ૪૬૫૦ |
| ૨૨ | કાંગ | ૧૦૫૫ | ૧૦૫૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અમદાવાદથી અમરેલી આવી રહેલ બસમાં

પરાણેભોગબનનારસાથેબેવાર પરાણે શરીર સબંધ બાંધી, જાતિય હુમલો કરી દુષ્કર્મ આચરી, ભોગ બનનારને અમરેલી ખાતે અભ્યાસ અર્થે જવાનું હોય, પરંતુ આરોપીએ ભોગ બનનાર તરૂણીને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાનીલાલચઆપી, બદકામ કરવાના ઈરાદે, અપહરણ કરી, અમરેલીમાં જુદી જુદી જગ્યાઓએ જેવી કે, એસ.ટી. બસ સ્ટેશનેવિગેરેજગ્યાએલઈ જઈ શારીરિક અડપલાઓ કર્યા અંગેની જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાયેલહતી.

આઅંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાંચાલી જતાંસરકારીવકીલ મમતાબેન ત્રિવેદીની ધારદાર દલીલને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવદ્વારાઆ કામના આરોપી ધ્રુવ રાકેશભાઈ પરમાર (રે. અમદાવાદ)ને આઈપીસી ૩૬૩, ૩૬૬માં ૭ વર્ષની કેદનીસજાતથારૂપિયા૧૦હજારનોદંડ તેમજ પોકસોએકટકલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨ તથા ૧૮માં તથા આઈપીસી ૩૭૬ (૨) (એ), ૩૭૬ (૨) (જે) તથા ૩૫૪, ૩૫૪ (ક), ૩૫૪ (ઘ) માં ૨૦ વર્ષની સખતકેદનીસજાતથારૂપિયા૨૦હજાર દંડની સજા ફટકારી હતી.

આબનાવમાંભોગબનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ હુકમ કર્યો હતો. જેમાં ૨૫ ટકા રકમ રોકડમાં તથા ૭૫ ટકા રકમ ફિકસડિપોઝિટમાં મુકવા પણ હુકમ કર્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું હિન્દુ સંમેલન યોજાશે

છે અમરેલી જિલ્લાના ષુષ્ટિપૂર્તિ સમારોહ અધ્યક્ષ અને વિ હિન્દુ પરિષદના ઉપાધ્યક્ષ યુવા ઉદ્યોગપતિ વિજયભાઈ દેસાઈની આગેવાનીમાં અને જિલ્લા અપ્રયક્ષ ઈતેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ તા. ૧૨/૯/૨૦૨૪થી ૧૭/૯/૨૦૨૪માં લીલીયા, લાઠી, દામનગર, બાબરા, ચિતલ, કુંકાવાવ, વડીયા, ધારી, બગસરા, ચલાલા વગેરે પ્રખંડમાંવિશ્વહિન્દુ પરિષદ દ્વારા વર્ષના સમારોહ પ્રસંગ સંમેલનનું આયોજન કરવામાં આવેલ છે આ સંમેલનમાં જિલ્લાના સંતો હિન્દુ આગેવાનો વગેરે ઉપસ્થિત માંયોજવામાંઆવશે.

સમગ્રજિલ્લામાંસંમેલનઅને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા ઉપાધ્યક્ષ રશ્મિનભાઈ ત્રિવેદી ડો. પંકજભાઈ ત્રિવેદી જિલ્લા સહમંત્રી ધર્મેશભાઈ ગોંડલીયા વિપુલભાઈ દવે, પ્રખંડ પ્રભારી યુવરાજસિંહ પલવાર જીગુશુભાઈ મહેતા અશોકભાઈ ભેસાણીયા શૈલેષભાઈ પોપટ ઈરભાઈ રાજયગુરૂ વિદુરભાઈ ડાબસરા પ્રતાપસિંહજી રાઠોડ, દિલીપસિંહજી પરમાર, પ્રખડ અપ્રયક્ષ નિલેશભાઈ શેખલીયા, ચેતનભાઈ જમોડ, ઘનશ્યામભાઈ પરમાર, ગજેન્દ્રભાઈ શેખવા, રમેશભાઈ સોરઠીયા, સંજયભાઈ લાખાણી, મનીષભાઈ, અશોકભાઈ બાબરીયા, શિવરાજભાઈ વાળા, યસરાજ ધાધલ, દ સંજય ભાઈ પડયા વગેરે જહેમત ઉઠાવી રહયા છે તેમ જિલ્લા પ્રચાર પ્રસાર પ્રમુખ રસિકભાઈ વેગડની યાદીમાં જણાવેલ છે


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરાએ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ/તાકીદ કરું છું કે, અમારી પાસેથી અમારા અસીલ કિરીટકુમાર છગનભાઈ પટેલ, રે. બાબરા, જિ. અમરેલી વાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે. તે મિલકત સંદર્ભ અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરા ગામની સર્વે નં.૩૬૩ પૈકી બિન ખેતી પ્લોટ નં.૧૨/૨, ચો.મી.૧૭૮.૨૮, બહુચરનગર વાળી મિલ્કત જે કલ્પેશકુમાર વિઠ્ઠલભાઈ પટેલ, રજી. દસ્તાવેજ નં.૯૦૦ તા.૨૩/૦૯/૨૦૧૯નાં રોજ ખરીદ કરેલ હતી. તે મિલ્કતનું ટાઈટલ કલીયર માંગેલ છે.

તો મિલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી, અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગભાગ, હકક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી.પોસ્ટ એ.ડી.થી જણાવવું અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૦/૦૯/૨૦૨૪
ઓફીસ : મામલતદાર ઓફીસ સામે, મર્કેનટાઈલ બેંક નીચે. મુ. બાબરા.
મો. ૯૯૨૫૦૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
**એડવોકેટ**


## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૨૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ૩ | શીંગ નવી | ૬૫૦ | ૬૭૦ |
| ૪ | શીંગ દાણા | ૧૩૧૦ | – |
| ૫ | તલ સફેદ | ૨૧૨૦ | ૨૪૭૦ |
| ૬ | જીરૂ | ૪૦૫૦ | ૪૫૧૮ |
| ૭ | કપાસ | ૧૪૦૦ | ૧૬૮૪ |
| ૮ | કપાસ નવો | ૧૩૦૦ | ૧૬૦૮ |
| ૯ | ઘઉં લોકવન | ૪૭૬ | ૬૩૯ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૨ |
| ૧૧ | બાજરો | ૪૪૬ | ૪૭૩ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૨૩૦ |
| ૧૩ | ચણા | ૧૨૭૦ | ૧૪૨૯ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | – |
| ૧૫ | એરંડી | ૧૧૬૦ | – |
| ૧૬ | ધાણા | ૧૦૧૧ | – |
| ૧૭ | રાજગરો | ૧૩૫૧ | – |

## પાના ૧ ઉપરનું ચાલું લોકસભાની ચૂંટણી નિષ્પક્ષ રીતે

ભારત, જેને આ સમજાયું કે જો બંધારણ નાબૂદ થઈ જશે તો આખો ખેલ ખતમ થઈ જશે. ગરીબ લોકો ઊંડે ઊંડે સમજતા હતા કે આ બંધારણની રક્ષા કરનારા અને તેને નષ્ટ કરનારાઓ વચ્ચેની લડાઈ છે. જાતિનીવસ્તીગણતરીનોમુદો પણ મોટો થઈ ગયો. આ વસ્તુઓ અચાનક એકસાથે આવવા લાગી.

આ પહેલા વર્જીનિયામાં ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ ઈવેન્ટમાં બોલતા રાહુલે કહ્યું હતું કે, ''અમારા તમામ બેંક એકાઉન્ટ ચૂંટણીના ત્રણ મહિના પહેલા સીલ કરી દેવામાં આવ્યા હતા. અમે ચર્ચા કરી રહ્યા હતા કે હવે શું કરવું જોઈએ. મેં કહ્યું તે જોવાનું બાકી છે, ચાલો જોઈએ. શું થાય છે...'' કોંગ્રેસ નેતાએ કહ્યું ચૂંટણી પછી કંઈક બદલવાયું છે. કેટલાક લોકોએ કહ્યું કે ''ડર નહીં લગતા અબ, ડર નિકલ ગયા અબ''... મારા માટે એ રસપ્રદ છે કે ભાજપ અને વડાપ્રધાન મોદીએ નાના ઉદ્યોગો પર એજન્સીઓનો એટલો ડર અને દબાણ ફેલાવ્યું, એક સેકન્ડમાં બધું ગાયબ થઈ ગયું. આ ડર ફેલાવવામાં તેમને વર્ષો લાગ્યા અને તે એક સેન્ડમાં ગાયબ થઈ ગયો...'

રાહુલે આગળ કહ્યું સંસદમાં હું વડાપ્રધાનને સામે જોઉં છું અને હું તમને કહી શકું છું કે મોદીજીનો વિચાર, ૫૬ ઈંચની છાતી, ભગવાન સાથે સીધો સંબંધ, આ બધું હવે સમાપ્ત થઈ ગયું છે હવે ઈતિહાસ છે.

દેશના સૌથી જૂના રાજકીય પક્ષનાં પૂર્વ પ્રમુખે કહ્યું મને લાગે છે કે ભારતમાં રાજકારણ મૂળભૂત રીતે બદલાઈ ગયું છે. અમારા પરિપ્રેક્ષ્યમાં અમે જે જોઈએ છીએ કેટલાક લોકો સહમત થશે અને કેટલા અસંમત થશે. અમે મોદીના પરિપ્રેક્ષ્ય સાથે સહમત નથી, અમે તેમની સામે લડીએ છીએ. અમારા માટે, અમે દેશ માટે નવા વિઝનનો મૂળ પાયો નાખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. કોંગ્રેસ પાર્ટીએ સમયાંતરે આવું કર્યુ છે.

તેમણે જણાવ્યું હતું કે, મીડિયા અને તપાસ એજન્સીઓ ઉપર કબ્જો છે. તેમણે કહ્યું અમે આમ કહેતા રહ્યા પણ લોકો સમજતા નહોતા... મેં બંધારણને આગળ ધપાવવાનું શરૂ કર્યુ અને મેં જે કહ્યું તે એકાએક ફાટી ગયું... ગરીબ ભારત, દલિત ભારત, ભારત સમજાયું કે બંધારણ નાબૂદ થાય તો આખી રમત સમાપ્ત થશે.

વિપક્ષનાં નેતાએ કહ્યું કે, પ્રચારના અડધા રસ્તામાં, મોદીને લાગ્યું નહીં કે તેઓ ૩૦૦–૪૦૦ બેઠકોની નજીક છે. જયારે તેમણે કહ્યું કે, હું ભગવાન સાથે સીધી વાત કરૂં છું, અમને ખબર હતી અમે જાણા હતા કે અમે તેમને સંપૂર્ણ રીતે તોડી પાડયા છે. અમે તેને મનોવૈજ્ઞાનિક પતન તરીકે જોતા હતા. નરેન્દ્ર મોદીને સત્તા પર લાવનાર જોડાણ તૂટી ગયું છે. સરકાર અને બે–ત્રણ મોટા ઉદ્યોગો વચ્ચે એક વિશાળ સાંઠગાંઠ છે.

તેમણે કહ્યું કે ઓબીસી અને દલિતો સાથે છેતરપિંડી થઈ રહી છે. રાહુલે કહ્યું કે ગરીબ લોકો ઊંડે ઊંડે સમજે છે કે જેઓ બંધારણની રક્ષા કરી રહ્યા છે અને જેઓ તેને નષ્ટ કરવા માગે છે તેમની વચ્ચેની લડાઈ છે. જાતિની વસ્તી ગણતરીનો મુદો પણ મોટો બન્યો.


## જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર કૌશલભાઈ બી. પંડયા, એડવોકેટ – અમરેલીના આથી અમારા અસીલ દિનેશભાઈ પોપટભાઈ જોશી, રહે. અમરેલી.( ઠે. અમૃતનગર, ચકકરગઢરોડ ) ની સુચના અન્વયે આ જાહેર નોટીસથી લાગતા – વળગતા સર્વોને જાણ કરીએ છીએ કે,

અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાના અમરેલી ગામે સુધરાઈ હદમા ચકકરગઢ રોડ રસ્તે આવેલ રે.સ.નં.૫૨૭ પૈકી મા આવેલ 'અમૃતનગર' ના પ્લોટ નં.૧૧ પૈકીની જમીન ચો.મી. ૪૦ – ૬૨ ની જમીન તથા તે માહેની મિલ્કત મારા અસીલએ સબ રજીસ્ટ્રારશ્રી, અમરેલીની કચેરીમા નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૯૫૦, તા.૧૬/૫/૨૦૧૫ થી વેચાણ રાખેલ છે ત્યારથી આ મિલ્કતના મારા અસીલ સ્વતંત્ર માલીક છે.

સદરહુ મિલ્કતવાળી જમીનના મુળ માલીક મુળજીભાઈ દુદાભાઈ ધાનાણી હતા તેઓના કુલમુખત્યાર જેરામભાઈ રાજાભાઈ વિગેરે પાસેથી અંબિકા કન્સ્ટ્રકશન કાં.ના વહીવટકર્તા ભાગીદાર રવજીભાઈ હરીભાઈએ તા. ૨૪/૭/૮૯ ના રોજ રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૧૧૮૯ થી અન્ય પ્લોટો સાથે આ મિલ્કતવાળા પ્લોટ નં.૧૧ ની જમીન વેચાણ રાખેલ. તેઓ પાસેથી તા.૨૮/૮/૧૯૮૯ નારોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૧૩૮૦ થી પ્લોટ નં.૧૧ ની જમીન રમેશભાઈ પરસોતમભાઈ નસીત તથા જયંતિભાઈ નાનજીભાઈ નસીત એ વેચાણ રાખેલ, તે બન્નેના કુલમુખત્યાર રવજીભાઈ દેવજીભાઈ પરમાર પાસેથી આ પ્લોટ નં.૧૧ પૈકી ચો.મી. ૪૦–૬૨ ની જમીન રજીસ્ટર્ડ વેચાણલેખ નં.૭૬૮, તા.૨૯/૩/૧૯૯૬ થી ભીખાભાઈ ગોવિંદભાઈ રાઠોડએ વેચાણ રાખેલ., તેમના પાસેથી આ પ્લોટ નં.૧૧ પૈકીની જમીન તથા તે માહે આવેલ રહેણાંક મિલ્કત અમારા અસીલ દિનેશભાઈ પોપટભાઈ જોષી એ સબ રજીસ્ટ્રારશ્રી, અમરેલીની કચેરીમા નોંધાયેલ રજીસ્ટર્ડ વેચાણ લેખ નં.૧૯૫૦, તા.૧૬/૫/૨૦૧૫ થી વેચાણ રાખેલ છે ત્યારથી આ મિલ્કતના મારા અસીલ સ્વતંત્ર માલીક છે.

સદરહુ મિલ્કત સબંધે મારા ઉપરોકત અસીલએ અમારા પાસેથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ મિલ્કત સબંધે કોઈ ઈસમ / વ્યકિતનુ કે, કોઈ નાણાકીય સંસ્થા કે, સરકારી, સહકારી કે અર્ધસરકારી સંસ્થાનુ હીત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામા આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હકક – હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ મા લેખીતમા આધાર – પુરાવા સાથે રજીસ્ટર પોષ્ટ એ.ડી.થી જણાવવુ. અન્યથા તે અંગે કોઈને હરકત,વાંધા–તકરાર નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર સર્ટીફીકેટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામા આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામા આવશે નહી જેની લાગતા– વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૦/૦૯/૨૦૨૪

**કૌશલભાઈ બી. પંડયા**
**એડવોકેટ**
અંબિકા ચેમ્બર્સ, માણેકપરા, અમરેલી


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૯૦ |
| ૨ | સોયાબીન | ૬૪૦ | ૮૫૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૪૩ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૯ | ૫૫૬ |
| ૫ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | જુવાર | ૬૯૦ | ૬૯૦ |
| ૭ | તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ૯ | મગફળી | ૮૪૦ | ૮૪૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ૧૧ | ડુંગળી | ૫૫૦ | ૫૫૦ |

## અવસાન નોંધ

**સાવરકુંડલા :** ચલાલા નિવાસી સ્વ. હરગોવિંદભાઈ મૂળજીભાઈ પાંધીના ધર્મપત્ની ગં. સ્વ. શારદાબેન ઉ.વ.૮૫ તે બિપીનભાઈ હરગોવિંદભાઈ પાંધી (સાવરકુંડલા) તથા મુકેશભાઈ હરગોવિંદભાઈ પાંધી તેમજ સોનીયાબેન મુકેશકુમાર પુજારા (જામનગર), રૂપલબેન પંકજકુમાર ભીમજીયાણી (ભાવનગર), આરતીબેન ધર્મેન્દ્રકુમાર પોપટ (ઉના) ના માતુશ્રી તથા સ્વ. બાલુભાઈ કાળીદાસ ગઢીયા (તાતણીયા) ના દીકરી તથા સ્વ. હસુભાઈ બાલુભાઈ ગઢીયા તથા બટુકભાઈ બાલુભાઈ ગઢીયાના બહેનશ્રીનું દુઃખદ નિધન થતાં સ્વ.ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટેની પ્રાર્થના સભા (ઉઠમણું) ચલાલા ખાતે આવેલ પરિશ્રમ સાટોડીપરા ખાતે પરિવારના નિવાસસ્થાને તા. ૧૨–૯–૨૪ ને ગુરૂવારે બપોરે ૪ થી ૬ રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે રાખેલ છે.


## જાહેર નોટિસ

**મામલતદાર અને તાલુકા એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, બાબરા**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. /૨૦૨૪ તા.૦૫/૦૯/૨૦૨૪

**વિવાદી :** શ્રી રાજેશભાઈ બચુભાઈ સાવલીયા, રહે.અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી.
C/o **આર.વી.મીઠાપરા,એડવોકેટ,બાબરા (મો.નં.૯૯૨૫૦ ૧૬૦૨૮)**

**// વિરૂધ્ધ //**

**પ્રતિવિવાદી :** જન્મ–મરણ નોંધણી અધિકારી–વ– તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી.

**// જાહેર નોટિસ //** (મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **બાબરા** તાલુકાના **મોજે. અમરાપરા** ગામના રહીશ આ કામના અરદારશ્રીના **બહેનશ્રી ઈન્દુબેન બચુભાઈ સાવલીયાનું મરણ તા. ૦૫/૦૭/૧૯૮૪ ના રોજ મોજે. અમરાપરા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૦/૦૭/૨૦૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદ્દત તા.૧૩/૦૯/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૩૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**બાબરા**



## ખેતીની જમીન વેચાણ અંગેની જાહેર નોટિસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ **જીતેન્દ્રભાઈ આર. ગોઠડીયા,** રહે : –બાબરા– અમારા અસીલ જમીન ખરીદનાર **પરેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને કલ્પેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને અનિલભાઈ વલ્લભભાઈ નડીયાદરા તમામ** રહેઃ– ન્યુ શકિત સોસાયટી, શેરી નં.–૨, શકિત હોટલની પાછળ– રાજકોટ વાળાની સુચના અને ફરમાઈસ મુજબ લાગતા વળગતાને જાણ થાય છે કે,

અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના મોજે **શિલાણા** ગામની નીચે મુજબની રેવન્યુ રેકર્ડ ખેતીની જમીન આવેલ છે. તે ખેતીની જમીન અમારા અસીલ **પરેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને કલ્પેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને અનિલભાઈ વલ્લભભાઈ નડીયાદરા** ખરીદ કરવા માંગે છે.

| ક્રમ | નામ | ખાતા નં. | સર્વે નં. | હે.આરે.ચો.મી. |
|---|---|---|---|---|
| ૧ | માળવીયા ભરતભાઈ આંબાભાઈ | ૩૭ | ૯૫/૧૩ પૈકી ૧૧ | ૨–૭૯–૨૨ |

સબબ ઉપરોકત વિગત વર્ણન વાળી ખેતીની ખેડવાણ જમીન સબંધે તેના વેચાણ સબંધે કે તેના કબજા સબંધે કે કોઈપણ વ્યકિતનો કોઈપણ પ્રકારનો લાગ–ભાગ, હકક–હિસ્સો, બક્ષિસ, અગ્રહકક, વારસાઈ હકક કે લેણુ, ગીરો,આ તારીખ પહેલા અગાઉ બાનાખત કરેલ હોય કે બોજો કે ફાઈનાન્સ, સહકારી મંડળી, પ્રાઈવેટ ફાઈનાન્સ, કોઈપણ બેંકે સરકારી સંસ્થા, કે કોઈપણ કરજ હોય તો અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે દિવસ–૦૭ (સાત) માં જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈના વાંધા તકરાર કે દર દાવો નથી અને હોય તો જતો વેવ કરેલ છે તેમ સમજી અમો પાકકો રજીસ્ટર દસ્તાવેજ ખરીદનાર **પરેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને કલ્પેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને અનિલભાઈ વલ્લભભાઈ નડીયાદરા** ના નામે કરાવી આપીશુ. ત્યાર બાદ જો કોઈના વાંધા કે તકરાર અમારા અસીલના હકક, હિત, હિસ્સાને બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતાઓએ તથા જાહેર જનતાએ નોંધ લેવી.

**અમારા અસીલ**
**પરેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને**
**કલ્પેશભાઈ વલ્લભભાઈ નડીયાદરા અને**
**અનિલભાઈ વલ્લભભાઈ નડીયાદરા**
**ની સુચનાથી**

સ્થળ :– બાબરા
તા :– ૧૦–૦૯–૨૦૨૪

**જીતેન્દ્રભાઇ આર. ગોઠડીયા**
**(એડવોકેટ–ગુજરાત હાઇકોર્ટ)**
નાગનાથ કોમ્પ્લેક્ષ શોપ નં. ૧૪
મુ. બાબરા, જી. અમરેલી. મો. ૯૯૭૮૨ ૭૬૭૫૬


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૯૩૨ |
| ૨ | તલ કાળા | ૩૦૦૧ | ૩૧૦૦ |
| ૩ | કપાસ | ૧૨૦૦ | ૧૫૩૫ |
| ૪ | બાજરો | ૪૨૫ | ૫૪૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૮૦ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૮૪૦ |
| ૭ | મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૮ | તુવેર | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ૯ | ચણા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ૧૦ | શીંગદાણા | ૮૦૧ | ૮૦૧ |

# અમરેલીમાં રાત્રિનાં સમયે સફાઈ કાર્યનો ધમધમાટ



અમરેલી પાલિકાદ્વારાશહેરમાં | એક અડવાડીયાથી દિવસ બાદ રાત્રિનાં પણ | શહેરનાંરાજમાર્ગોઉપર સફાઈ કાર્યકરવામાં | આવતાં શહેરીજનોમાં હાશકારાની લાગણી | ઉભી થઈ છે. પાલિકા દ્વારા બજારમાંરાત્રિનાં | ટીપરવાનની સેવા પણ શરૂ થઈ અનેસફાઈ | કાર્ય થતાં શહેરમાં હવે, થોડા ઘણી સફાઈનો | માહોલ જોવા મળી રહયો છે.

## સાવરકુંડલાનાં વરિષ્ઠ પત્રકાર બિપિન પાંધીના માતૃશ્રીનું નિધન થયુ

સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી તથા મુકેશભાઈ પાંધીના માતુશ્રી ગં. સ્વ. શારદાબેન હરગોવિંદભાઈ પાંધીનું તા. ૯-૯-૨૪ના રોજ દુખદ નિધન થતાં તેમને શ્રપ્રધાંજલિ અર્પણ કરવા માટેની પ્રાર્થના સભા તારીખ ૧૨-૯-૨૪ના રોજ પરિવારના નિવાસ સ્થાન



પરિશ્રમ સાટોડીપરા ચલાલા

ખાતે બપોરે ૪ થી ૬ સમય દરમિયાન રાખેલ છે. આમ એક પેઢીના જીવન સંગ્રામનો એક તબક્કો પૂર્ણ થતાં સમગ્ર પાંધી પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. ગં. સ્વ. શારદાબેન હરગોવિંદભાઈ પાંધી તેમના બે પુત્રો બિપીનભાઈ પાંધી, મુકેશભાઈ પાંધી તથા પુત્રીઓ સોનલબેન, રૂપલબેન તથા આરતીબેનને વિલાપ કરતાં આ ફાની દુનિયા છોડી દૂર અનંત યાત્રાએ નીકળી જતાં સમગ્ર પરિવારમાં ઘેરા શોકનું મોજું ફરી વળ્યું છે. પરિવારને સાંત્વના આપવા માટે અમરેલી જિલ્લાના ચલાલા ખાતે આવેલ પરિવારના નિવાસ સ્થાન 'પરિશ્રમ' સાટોડીપરા ચલાલા ખાતે તા. ૧૨-૯-૨૪ના રોજ બપોરે ૪ થી ૬ સમય ગાળા દરમિયાન પ્રાર્થના સભા રાખવામાં આવી છે.

## ધરો આઠમ

ભાદરવા સુદ આઠમને દિવસે આ વ્રત કરવું. એ દિવસે વ્રત કરનારે સવારે વહેલા ઉઠીને ધરોની પૂજા કરવી, તથા પ્રાર્થના કરવી. વંશ વેલો વધજો. એ દિવસે ટાઢું ભોજન કરવું. જમવામાં ચોખાની કુલર ફણગાવેલા કઠોળના વડા વગેરે ખાઈ શકાય. પોતાના બાળકના દીર્ઘાયું માટે આ વાત કરવામાં આવેછે. વર્ષો પહેલાંની વાત છે. કોઈ એક ગામમાં સાસુ વહુ રહેતા હતા. વહુને એક દીકરો પણ હતો. તેઓ મહેનત મજૂરી કરીને પેટ ભરતા હતા. વહુ સાસુનો દિવસ આવ્યો. એ દિવસે સાસુએ વહુને કહ્યું: વહુ ચાલ આપણે ખેતરમાં જઈએ. ઘાસ વાટી લાવીએ.

બહુ ધરોઆઠમનું વ્રત કરતી હતી. એટલે એ દિવસે ઘાસની કેવી રીતે વઢાય? આથી તેને સાસુને ના પાડી સાસુ તેના પર ગુસ્સે થયા અને બોલ્યા : અલી ઘાસ વાઢવાની ના પાડે છે? જો ખાસ નહીં લાવીએ તો ખાઈશું શું? લે ચાલ હવે. સાસુ આગળ વહુનું કાંઈ ન ચાલ્યું. તે ના છૂટકે દાતરડું લઈ સાસુ સાથે ખેતરમાં ગઈ. જતા પહેલા તેણે છોકરાને ધવડાવીને ઘોડિયામાં સુવડાવી દીધો. બહારથી બારણું વાસી દીધું. ખેતરમાં જઈ સાસુએ તો ઘાસ વાઢવા માંડયું. પણ વહુનો જીવ ના ચાલ્યો. આજે ધરો આઠમને દિવસે વધાય? જો આ સાસુનું કહ્યું ન માને તો તેનું આવી બને. સાસુ તેની સાથે ઝઘડો કરી બેસે. આથી તે ધરો બાજુ પર રાખી અન્ય ઘાસ વાઢવા લાગી. સાંજે ઘાસનો ભારો લઈને સાસુ વહુ ઘર તરફ આવતા હતા. ત્યાં જ તેમને સમાચાર મળ્યા એ તમારા ઘરને આગ લાગી છે. આ સાંભળી તેવો દોડતા ઘેર જઈ પહોંચ્યા. ત્યાં જઈને જોયું તો આખું ઘર આગની જવાળાઓમાં લપેટાયું હતું. વહુનો જીવ અધર થઈ ગયો. કારણકે અંદર તેનું બાળક હતું. આથી તેણે હિંમત કરીને બારણું હડશેલી નાખ્યું. અને અંદર જઈને જોયું તો બાળકની આસપાસ ધરો વિટલાઈ મળી હતી. વહુએ સાસુમાને કહ્યું : માજી મારો વ્રત ફળિયુ. આજે ધરોમાએ મારા બાળકને બચાવી લીધું. સાસુ પણ આશ્ચર્યથી જોઈને આશ્ચર્ય પામ્યા. અને તેમણે એ જ વખતે ધોરો આઠમને દિવસે ઘાસ નહિ વાઢવાની પ્રતિજ્ઞા કરી. ધરો આઠમનો પ્રભાવ અનેરો છે આ વ્રત કરનારનો વંશવેલો વધે છે. અને સંતતિ આયુષ્યમાન બને છે. અર્થાત લાંબુ આયુષ્ય ભોગવે છે. ખેતરોમાં જેમ તમે વહુને ફળિયા, તેમાં વ્રત કરનાર સેને ફળજો. જય ધરો મા.

**દીપ્તિ પી.રાવલ**
**ઉપલેટા જિ: રાજકોટ.**

# સાવરકુંડલા : ગણેશ મહોત્સવના મુખ્ય દાત્તાનું નામ સદ્દભાવનાં ગૃપ દ્વારા લક્કી ડ્રોથી જાહેર



સાવરકુંડલા ખાતે સદભાવનાં ગ્રૃપ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ સંસ્થા 'પ.પૂ. ઉપામૈયા શિવ દરબાર આશ્રમ' (કાના તળાવ) ના સાંનિધ્યમાં સેવાકીય પ્રવૃતિનાં લાભાર્થે ચલાવવામાં આવે છે. જેમાં સદભાવનાં ગ્રૃપ દ્વારા બ્લડ હેલ્પલાઈન એમ્બ્યુલન્સ સેવા સહિત ૮ હેલ્પ લાઈન ચલાવવામાં આવે છે. ગણેશ મહોત્સવની એક મહિના પહેલા જાહેરાત કરવામાં આવે છે. જેમાં એક વ્યકિત રૂપિયા – ૫૦૦ આપી તેમનું નામ લખાવે છે. ત્યારબાદ તમામ દાતાઓનો ડ્રો કરવામાં આવે છે અને ડ્રો દ્વારા ગણેશ મહોત્સવનાં મુખ્ય દાતાનું નામ જાહેર કરવામાં આવે છે. જેમાં ગઈ કાલે ગણેશ મહોત્સવ-૨૦૨૪ માટે રૂપિયા ૫૦૦/- વાળા દાતાઓનાં કુલ ૧૬૧૨ નામ માંથી મુખ્ય દાતા માટે ડ્રો કરવામાં આવ્યો હતો. જેમાં વિજેતાનું કુપન (વિષ્ણું પંકજભાઈ ચૌહાણ, ઉંમર વર્ષ-૫) દ્વારા કુપન ખેંચીને વિજેતા નંબર – ૧૧૫૧ (જલારામ ફટાકડા સ્ટોર) સદભાવનાં ગૃપ-૨૦૨૪ના મુખ્ય દાતા બન્યા. સદભાવનાં ગ્રૃપ દ્વારા સાવરકુંડલા દ્વારા સર્વે દાતાઓનો ખુબ ખુબ આભાર સહ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## શહેરમાંથી પસાર થતાં માર્ગ-મકાન વિભાગ તાબાનાં માર્ગની હાલત દયનીય બનતા

# અમરેલીનાં ચિતલ રોડ અને વરસડા રોડમાં ગાબડા બુરવાનું શરૂ

**માર્ગ બનાવતી વેળા નિયમોને નેવે મુકાતા હોય ગાબડા બુરવામાં પણ દે ધનાધનની ચર્ચા**

**માર્ગ-મકાન વિભાગને માર્ગ બને તો અને તૂટે તો પણ ગાબડા બુરવામાં મલાઈ મળે**

**માર્ગ-મકાન વિભાગમાં નોકરી મેળવવા માટે ઈજનેરોમાં એટલે જ દોડધામ જોવા મળે**

**બાંધકામ એજન્સી, પદાધિકારી અને અધિકારીની મિલીભગતનાં પાપે વાહનચાલકો હંમેશા પરેશાન રહે**





અમરેલી, તા. ૧૦

અમરેલી ખાતે કાર્યરત માર્ગ-મકાન વિભાગ (સ્ટેટ અને પંચાયત) બંને ધ્વારા દર વર્ષે કરોડો રૂપિયાનાં ખર્ચે માર્ગો અને મકાનોનું નિર્માણ કરવામાં આવતું હોય છે અને લગભગ તમામ કામોમાં નિયમોનો ઉલાળીયો કરવામાં આવતો હોય અને માર્ગ-મકાન વિભાગનાં ભ્રષ્ટ અધિકારીઓ, પદાધિકારીઓ અને બાંધકામ એજન્સીની ત્રિપુટી દર વર્ષ ૫ થી ૧૫ કરોડની મલાઈ તારવતાં આવ્યા છે અને હાલમાં પણ તાવી રહ્યા છે.

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલ વરસાદે માર્ગ-મકાન વિભાગની પોલ ખોલી નાખી છે. જિલ્લાનાં અનેક માર્ગો તૂટી જતાં માર્ગ-મકાન વિભાગને ચિંતા થવાને બદલે હવે તેઓને ગાબડા બુરવામાં પણ મલાઈ તારવવાની તક ઉભી થઈ છે.

માર્ગ-મકાન વિભાગ માર્ગ બનાવે કે મકાન તેમાં મલાઈ મળે અને પુનઃ તેની મરામત કરવાની થાય તો તેમાંથી પણ ટેબલ નીચેથી રકમ મળે. એટલે જ માર્ગ-મકાન વિભાગનાં ભ્રષ્ટ અધિકારીઓ ટૂંકા વર્ષોમાં જ કરોડપતિ બની જતાં હોય છે અને એજન્સીને સહયોગ કરીને રાજકીય આગેવાનોને પણ રાજી કરીને સૌ ભેગા મળી મલાઈ તારવી રહ્યા છે અને એટલે જ અન્ય વિભાગનાં સિવિલ ઈજનેર દોડધામ કરીને માર્ગ-મકાન વિભાગની નોકરી મેળવી લેતા જોવા મળી રહ્યા છે.

દરમિયાનમાં અમરેલીનાં રાજમાર્ગો સમાન ચિતલ રોડ અને વરસડા રોડનાં ગાબડા બુરવાનું કામ શરૂ થયું હોય તેમાં પણ લોટ, પાણી અને લાકડા જેવું કામ થતું હોવાની ફરિયાદ વાહનચાલકો કરી રહ્યા છે.

---

## શહેરમાં ટ્રાફિક સમસ્યાનું કાયમી નિરાકરણ થતુ નથી

# અમરેલીમાં ફુટપાથ અને જાહેર માર્ગ ઉપરનું દબાણ દુર કરવામાં તંત્ર લાજ કાઢે છે

**મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ થાય એટલે એકાદ-બે દિવસ કામગીરી થાય**

અમરેલી, તા. ૧૦

અમરેલી શહેરનાં જાહેર માર્ગો ઉપર 'રેકડીઓ, કેબિનો, ઓટલા, છાપરા અને દુકાનનો માલ સામાન રાખવામાં કોઈને પણ તંત્રનો ડર રહયો નથી. અને શહેરીજનો પરેશાન થઈ રહયા છે. અને એલ.આર.ડી. જવાનો મોબાઈલની વ્યસના છોડતા નથી.

અનુસંધાન પાના ૬ ઉપર



---

## ષષ્ટિપુર્તિ વર્ષ સમારોહમાં અધ્યક્ષ વિજય દેસાઈનાં માર્ગદર્શનમાં

# અમરેલી જિલ્લામાં ૧૨ થી ૧૭ સપ્ટેમ્બર સુધી વિહિપ દ્વારા લાઠી, બાબરા, ધારી, બગસરા સહિતનાં શહેરોમાં હિન્દુ સંમેલન યોજાશે

**સંતો-મહંતો અને વિહિપનાં આગેવાનો વિશ્વ હિન્દુ પરિષદનુ મહત્વ સમજાવશે**

અમરેલી, તા. ૧૦

હિન્દુ ધર્મ સંસ્કૃતિ-પરંપરાના રક્ષણ તથા સંવર્ધન માટે મુંબઈના સાંદિપની આશ્રમ ખાતે રાષ્ટ્રીય સાયંસેવક સંઘના દ્વિતીય સરસંઘથાલક પૂજય ગુરૂજીની પેરણાથી હિન્દુ, શીખ, જૈન વગેરે ભારતીય પરંપરાઓના પૂજય સંતો તથા પવથી કે. કા. શાસ્ત્રીજી જેવા વિદ્વાનોની પ્રેરક ઉપસ્થિતિમાં વિહિન્દુ પરિષદની સ્થાપના થઈ આજ દિન સુધીના કાર્યકાળમાં અનેક સફળ આંદોલન તથા જનજાગરણ થકી વિ.હિ.પ. દ્વારા થદ્ધા કેન્દ્રોની મુક્તિ લવ-લેન્ડ જેહાદ વિઢધા કાયદા, ગેરક્ષા માટે કાયદા, ધર્માંતરણ અટકાવવું-ઘર વાપસી, સામાજિક સમરસતા, વનવાસી કલ્યાણ. સેવા, બાલ સંસ્કાર જેવા અનેક કાર્યો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. આજે ઘણ ૩૨ દેશોમાં ૫૩ હજાર કરતાં વધુ સમિતિઓ અને ૭૦૦ જેટલા પૂર્ણકાલીન કાર્યકર્તાઓના માધ્યમથી ચાલતી વિ.હિ.પ. પોતાના ૬૦ વર્ષ પછી સમગ્ર હિન્દુ સમાજને માહિતગાર કરવાના હેતુ સાથે કેન્દ્રની યોજના મુજબ સમગ્ર દેશના દરેક પ્રકરણની અંદર હિન્દુ સંમેલન આયોજન કરવાનું નક્કી કરેલ

અનુસંધાન પાના ૬ ઉપર





---

## પૂર્વ ઉપસરપંચ નરેન્દ્રભાઈ સોજીત્રાએ ઘટસ્ફોટ કર્યો

# અમરેલીનાં મોટા ભંડારીયા ગામે રૂપિયા ૧.૧૭ કરોડની સરકારી જમીનનાં દબાણ કૌભાંડમાં રૂપિયા ૨૫ લાખનો તોડનો આક્ષેપ

**જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તટસ્થ તપાસ થાય તે જરૂરી બન્યું**

અમરેલી, તા. ૧૦

અમરેલી તાલુકાનાં ગામ મોટા ભંડારીયામાં ગામતળમાં સરકારી ગામતળ પડતર જમીન પર થયેલા અન અધિકૃત દબાણ/અનઅધિકૃત બાંધકામ/ગેરકાયદેસર કબ્જો વગેરે દૂર કરવા/હટાવવા બાબતે.

અમરેલી તાલુકા પંચાયતનાં તાલુકા વિકાસ અધિકારીનાં હુકમ/આદેશ પત્ર નં. તા.પં.મેસુ/દબાણ/વશી/૨/૨૦૨૦, તા. ૧૮/૦૨/૨૦૨૦થી ગ્રામ પંચાયત મોટા ભંડારીયાને સદરહું ગેરકાયદેસરનાં દબાણ દૂર કરવા આદેશ આપેલ.

તે બાબતે તત્કાલીન ગ્રામ પંચાયતે કુલ ૪૯ દબાણકર્તાઓને દબાણ દૂર કરવા કાયદેસરની નોટીસો પાઠવેલ/આપેલ અને દબાણ દૂર કરવા/કરાવવાની કાર્યવાહી ચાલું કરેલ. આમ દબાણ દૂર કરવાની/હટાવવાની કાર્યવાહી ચાલું હતી તે દરમિયાન આ કુલ ૪૯ દબાણદારો પૈકીનાં કુલ ૧૦ દબાણદારો/દબાણકર્તાઓ, સીવીલ

અનુસંધાન પાના ૬ ઉપર








હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....



ડો. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડો. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : 13/0૯/૨૦૨૪ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૯૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)